પ્રશ્નઃ ૬૦. યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફની ગુણવત્તા માટે કોઈ આયોજન થયુ છે? તેમની સંપૂર્ણ માહીતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૬૦. યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આયોજીત સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપ, FDP, રિફ્રેશર કોર્સ, ઓરિયન્ટેશન કોર્સ વગેરેમાં ઉપસ્થિત રહેવા માટે મંજૂરી આપવામાં આવે છે. તેમજ હાલમાં KCG **દ્વારા આયોજીત** IFDP **માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજોના ૩૦૦થી વધુ અધ્યાપકોએ ભાગ લીધેલ હતો. જ્યારે વહીવટી કર્મચારીઓને** SPIPA **દ્વારા આયોજીત વિવિધ તાલીમ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા માટે મંજૂરી આપવામાં આવે છે.**

શ્રી સંકેત લલિતકુમાર શર્માએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૧. યુનિવર્સિટી STUDENT EXCHANGE કે TEACHER EXCHANGE જેવા કોઈ કાર્યક્રમો કરવામાં આવે છે કે કેમ? અને જો કરવામાં આવતા હોય તો માહિતી પૂરી પાડવી.

ઉત્તરઃ ૬૧. UGC **ની** Teacher exchange **યોજના અંતર્ગત યુનિવર્સિટી તથા અન્ય યુનિવર્સિટીના પ્રાધ્યાપકોને યુજીસીના નિયમાનુસાર** Honorarium/T.A/DA **આપવામાં આવે છે.** Student Exchange Program **અંતર્ગત** B.Arch. **ના વિદ્યાર્થીઓ સ્પેનની મુલાકાત લે છે.** HRD **વિભાગ ખાતે** Dr. Sudhanva Char, **પ્રોફેસર, લાઈફ યુનિવર્સિટી,યુ.એસ.એના** Visiting Professor તરીકે **એક મહિના માટે યુનિવર્સિટી સેવા લેવામાં આવી હતી.**

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૨. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ ડિપાર્ટમેન્ટમાં હ્યુમન ડેવલોપમેન્ટ સેલની મીટીગ છેલ્લા પાંચ વર્ષમા કયારે કયારે મળી ? તેમા લેવાયેલા નિર્ણયો જણાવો ?

ઉત્તરઃ ૬૨. હ્યુમન ડેવલપમેન્ટ સેલ યુનિવર્સિટીમાં કાર્યરત નથી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૩. લાઈબ્રેરીનું નવુ વહીવટી બિલ્ડીગ કયારે બનશે? લાઈબ્રેરી માટે પાંચ કરોડ રૂપિયા મંજુર કરયા હતા. તેમનું શું થયું? શુ સુરત મહાનગરપાલિકા સાથે મળીને યુનિવર્સિટીનું લાઈબ્રેરી અને વાંચનાલય ભવન બનાવી શકાય? જેમની સંપૂર્ણ વિગત આપવા વિનંતી.

ઉત્તરઃ ૬૩. લાઈબ્રેરીના મકાન માટે નકશા અને અંદાજ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સૂચન મુજબ સુરત મહાનગરપાલિકાને રજૂઆત કરી શકાય.

શ્રી સંકેત લલિતકુમાર શર્માએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૪. વાણીજય શાખાની કેટલી સરકારી અને કેટલી સ્વનિર્ભર કોલેજ કાર્યરત છે અને ભવિષ્યમાં કેટલી નવી કોલેજોની અરજી આવેલી છે તે અંગે માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૬૪. વાણિજય શાખાની કુલ ૯ સરકારી અને ૪૩ સ્વનિર્ભર કોલેજ કાર્યરત છે અને ૧૨ નવી કોલેજોની અરજી આવેલી છે.

(A) Grand-in-Aid P.G. Centres		
Sr. No.	**Name of the Coll. Grant in aid PG Centre**	**Programme / Degree**
1	J.Z. Shah Arts & Comm. collage, Amroli (Girls)	M.COM . (Financial & Management Accountancy)
		M.COM . (Financial & Management Accountancy) (Eng. Medium)
2	Sheth C.D.Barfiwala Arts & Commerce College, Surat	M.COM . (Financial & Management Accountancy)
3	S.P.B. English Med. Com. College,Surat	M.COM . (Financial & Management Accountancy) (Eng. Medium)
4	Arts & Commerce College, Olpad	M.COM . (Financial & Management Accountancy)
5	Z.F.Wadia Arts & Commerce College, Surat (Girls)	M.Com (Financial & Management Accountancy)
6	Narmada Coll. Of Science & Commerce Zadeshwar.	M.COM . (Financial & Management Accountancy) (Eng. Medium) M.Com. (Marketing Management) (Eng. Medium)
7	Kusumben Kadakia Arts & Commerce College, Ankleshwar.	M.Com (Financial & Management Accountancy)
8	M.R.Desai Arts & Comm. College, Chikhli	M.COM . (Financial & Management Accountancy)
9	P.R.B. Arts & Comm., College, Bardoli	M.COM . (Financial & Management Accountancy)
10	Arts, Science, & Commerce College, Kholwad	M.COM . (Financial & Management Accountancy)
11	Rofel Arts & Commerce College, Vapi	M.COM . (Financial & Management Accountancy)
		M.COM . (Financial & Management Accountancy) (Eng. Medium)
12	Shah N. H. Commerce College, Valsad	M.COM . (Financial & Management Accountancy)
13	Sir K.P.College of Commerce, Surat	M.Com (Taxation) M.COM . (Financial & Management Accountancy) M.COM (Statistics)
14	Arts & Commerce College, Vyara	M.COM . (Financial & Management Accountancy)
15	M.K.College of Commerce, Bharuch	M.COM . (Financial & Management Accountancy)

16	Navyug Commerce College, Surat	M.COM . (Financial & Management Accountancy)
17	S.B. Garda Arts & Commerce College, Navsari.	M.COM . (Financial & Management Accountancy)
(B) Self Finance Colleges		
18	Sir K.P.College of Commerce, Surat	M.COM .(Honors) (5 Years Integrated Course)
		P.G. Diploma in Tax Management
(C) University Department (Self Finance Programme)		
19	Department of Commerce	M.COM . (Financial & Management Accountancy) (Eng. Medium)
		M.COM . (Economics) (Eng. Medium)

શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ માટે ગ્રાન્ટ ઈન એઈડ તથા સ્વર્નિભર કોલેજના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં વાણિજય વિદ્યાશાખામાં નીચે મુજબની કોલેજોની અરજીઓ મળેલ છે.

ગ્રાન્ટ ઈન એઈડમાં (૧) ગવર્નમેન્ટ કોલેજ, દમણ

સ્વનિર્ભર કોલેજ (૧) કે.બી.એસ.કોમર્સ કોલેજ, વાપી

(૨) ડી.આર.પટેલ એન્ડ આર.બી.પટેલ કોમર્સ કોલેજ, વેસુ–ભરથાણા,સુરત

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

પ્રશ્ન: ૬૫. યુનિવર્સિટી કન્વેન્શન હોલ તૈયાર થયા ત્યારથી આજદીન સુધીની માહિતી નીચે મુજબ આપશો.

(અ)

ભાડે આપ્યાની તારીખ	ભાડે આપ્યાનો સમય કયાંથી કયાં સુધી	ભાડે આપેલ સંસ્થા કે વ્યકિતનું નામ	વસુલ કરવામા આવેલ ભાડા સહિતની કુલરકમ	કયા કાર્યક્રમ માટે ભાડે આપેલ તેની માહિતી

(બ) કન્વેન્શન હોલનું લાઈટબીલ તૈયાર થયા ત્યારથી આજદીન સુધીનું દર મહિને કેટલું આવે તે જણાવશો ?

મહિનો/ વર્ષ	લાઈટ બીલની રકમ

.

ઉત્તર: ૬૫. (અ) Statute : 36 (2) (i) (g) મુજબ.

(બ) યુનિવર્સિટીને આપવામાં આવતી લાઈટ તમામ શૈક્ષણિક ભવનોનું એક સાથે એક જ કોમન મીટર દ્વારા મળતું હોઈ કન્વેન્શન હોલનું લાઈટ બીલ અલગથી આવતું નથી.

શ્રી સંકેત લલિતકુમાર શર્માએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૬. યુનિવર્સિટીના સેનેટ તથા સિન્ડિકેટ માટે વહીવટી બિલ્ડીંગમાં કોઈ ખંડ ફાળવવામાં આવ્યો છે કે કેમ તે અંગે માહિતી આપવી. ન ફાળવવામાં આવ્યો હોય તો સત્તામંડળ માટે પૂરી પાડવામાં આવતી વ્યવસ્થાઓ અંગે માહિતી પૂરી પાડવી.

ઉત્તરઃ ૬૬. સત્તા મંડળ માટે વ્યવસ્થા પૂરી પાડવા માટે આયોજન કરવામાં આવનાર છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૭. છેલ્લા પાંચ વર્ષનું કોન્વોકેશનનું બજેટ જણાવો ?

(અ) ચાલુ વર્ષના કોન્વોકેશનનુ બજેટ કેટલુ છે તે જણાવશો ?

ઉત્તરઃ ૬૭.

વર્ષ	બજેટ (રૂા.)
૨૦૧૭-૨૦૧૮	૩૦,૦૦,૦૦૦/-
૨૦૧૬-૨૦૧૭	૩૫,૦૦,૦૦૦/-
૨૦૧૫-૨૦૧૬	૩૦,૦૦,૦૦૦/-
૨૦૧૪-૨૦૧૫	૨૦,૦૦,૦૦૦/-
૨૦૧૩-૨૦૧૪	૨૦,૦૦,૦૦૦/-
૨૦૧૨-૨૦૧૩	૨૦,૦૦,૦૦૦/-

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૮. વિજ્ઞાન વિદ્યાશાખામાં કેટલી સરકારી અને કેટલી સ્વનિર્ભર કોલેજો હાલમાં કાર્યરત છે, તેમજ ભવિષ્યમાં કેટલી કોલેજોએ જોડાણ માટે અરજી કરી છે, તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૬૮. વિજ્ઞાન વિદ્યાશાખામાં ૯ સરકારી, ૧૧ અનુદાનપાત્ર અને ૨૬ સ્વનિર્ભર કોલેજો હાલમાં કાર્યરત છે, તેમજ ૭ કોલેજોએ જોડાણ માટે અરજી કરી છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૯. પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં પ્રવેશ મેળવેલ સંશોધનાર્થી દ્વારા વર્ષ ૨૦૧૨ થી આજદીન સુધી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લીધો હોય તેવા યુનિવર્સિટીમાં દફતરે નોંધાયેલા વિદ્યાર્થીઓના નામ, સંશોધનનો વિષય અને તેના માર્ગદર્શક શિક્ષકનું નામ અને વિગત આપશો ?

(અ) આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમા ભાગ લેવામા જનાર સંશોધનાર્થીને યુનિવર્સિટી દ્વારા કોઈ આર્થિક સહાય આપવામા આવેલ હોય તો તેની વિગત આપશો.

(બ) યુનિવર્સિટી દ્વારા આવા સંશોધનાર્થીને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમા ભાગ લેવા માટે મોકલવામાં આવે છે ? આવી કોઈ યોજના હાલમાં છે ?

ઉત્તરઃ ૬૯. પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં પ્રવેશ મળેલ સંશોધનાર્થી ધ્વારા વર્ષ ૨૦૧૨ થી આજદિન સુધી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લીધો હોય તેવા યુનિવર્સિટીના દફતરે નોંધાયેલા વિદ્યાર્થીઓનાં નામ, સંશોધનનો વિષય અને તેના માર્ગદર્શક શિક્ષકનું નામ નીચે મુજબ છે.

ક્રમ	સંશોધનાર્થીનું નામ	સંશોધનનો વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ
૧.	નેહા ગુટકર	Sociology of Professions	ડૉ. પરવેઝ અબ્બાસી
૨.	મોનિકા ચંડેલ	ટેક્ષટાઈલ પ્રદૂષણની ચણાના ઉગવાની પ્રક્રિયામાં થતી અસર	ડૉ. એસ. કે. ટાંક

(પી.જી. વિભાગ)

From 2012:

Sr. No.	Name of the student	Research Paper Title	Guide Name	Participation in International Conference
1	Ms. Shehnaz Sheikh	*	Dr. R. D. Patel	Yes
	*: 1. Attended a International conference on : Recent Advances in Statistics and their applications and 33rd Annual convention of ISPS organized by Dept. of Statistics, Marathwada University, Aurangabad, India on 26-28th December 2013. 2. Presented a paper " Two warehouse inventory model with different deterioration rates under linear demand and time varying holding cost" at Silver Jubilee International Conference Forum for Interdisciplinary Mathematics on Interdisciplinary Mathematics, Statistics and Computational Techniques by Manipal University, Jaipur during 22-24 December 2016			
	Note: Student did not asked any financial support from the University.			
4	Ms. Bhavna T. Naik	****	Dr. R. D. Patel	Yes
	****: 1. Presented a paper "Inventory model for Imperfect quality and repairable items with varying deterioration" at International Conference on "APPLIED MATHEMATICAL MODELS" on 04-06th January 2018 at PSG College of Technology, Coimbatore 2. Presented a paper: " Inventory model with different deterioration rates for imperfect quality and repairable items under shortages" at International Conference on "Theory and Application of Statistics and Information Sciences" on 05-07th January at Dept. of Statistics, Bharathiar University, Coimbatore			
	Note: Student did not asked any financial support from the University.			

(કોમર્સ ડિપાર્ટમેન્ટ)

From 2012:

Sr. No.	Name of the student	Research Paper Title	Guide Name	Participation in International Conference
1	Ms. Shehnaz Sheikh	*	Dr. R. D. Patel	Yes
	*: 1. Attended a International conference on : Recent Advances in Statistics and their applications and 33rd Annual convention of ISPS organized by Dept. of Statistics, Marathwada University, Aurangabad, India on 26-28th December 2013. 2. Presented a paper " Two warehouse inventory model with different deterioration rates under linear demand and time varying holding cost" at Silver Jubilee International Conference Forum for Interdisciplinary Mathematics on Interdisciplinary Mathematics, Statistics and Computational Techniques by Manipal University, Jaipur during 22-24 December 2016			
	Note: Student did not asked any financial support from the University.			
2	Ms. Dharati Radadiya	**	Dr. Arti J. Rajyaguru	Yes
	**: Presented a paper "A statistical study of increasing crime rate against women in India, Gujarat and major cities of Gujarat" at 2nd International Conference on Multidisciplinary Research and Practice on December 2015 at Ahmedabad Management Association, ATIRA Campus, Ahmedabad organized by Research and Scientific Innovation Society.			
	Note: Student did not get any financial support from the University.			
3	Ms. Sanjay Patel	***	Dr. Arti J. Rajyaguru	Yes
	***: Presented a paper "An Econometric Analysis of Cereal Consumption in Rural India" at 2nd International Conference on Multidisciplinary Research and Practice on December 2015 at Ahmedabad Management Association, ATIRA Campus, Ahmedabad organized by Research and Scientific Innovation Society.			
	Note: Student did not get any financial support from the University.			
4	Ms. Bhavna T. Naik	****	Dr. R. D. Patel	Yes
	****: 1. Presented a paper "Inventory model for Imperfect quality and repairable items with varying deterioration" at International Conference on "APPLIED MATHEMATICAL MODELS" on 04-06th January 2018 at PSG College of Technology, Coimbatore 2. Presented a paper: " Inventory model with different deterioration rates for imperfect quality and repairable items under shortages" at International Conference on "Theory and Application of Statistics and Information Sciences" on 05-07th January at Dept. of Statistics, Bharathiar University, Coimbatore			
	Note: Student did not asked any financial support from the University.			

વિભાગના રિસર્ચ સ્ટુડન્ટ વિશાલ નાયક અને સંદીપ સુરતી દ્વારા આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ 8th ICCCNT 2017 દરમ્યાન IIT, Delhi ખાતે પેપર પ્રેઝન્ટેશન કરેલ હતું જે અન્વયે તેમણે કોઈ આર્થિક સહાય માંગેલ નથી.

(કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટ)

(1) Monika Chandel
Ph.D Research Scholar
Department of Biosciences
Guide: Prof. S. K. Tank

Research Topic: Application of biotechnology for the bioremediation of textile

A. I did not yet any financial assistance from the university when I Participated in the International Conference held by American Academy of Science, at Houston, Texas.

B. Prof. S. K. Made me aware of this conference. He guided and Supported me at each and every step till the end of the conference. There is no such provision from the university side to help the students to participate in such conferences.

(2) Chintan B. Bhagat
Ph.D Research Students
Department of Biosciences
Guide: Prof. S. K. Tank

Research Topic: 23rd Special FAOBMB Symosium on "Biochemistry & Molecular Biology in Socio-economic Development" held in Singapore oral present on Biomimetic Sequestrution of carbon dioxide using robust bacterial carbonic anhydruse. (2013)

(બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ)

પીએચ.ડી. વિદ્યાર્થીનું નામ	સંશોધનનો વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ
શ્રીરમેશદાન ખડિયા ૨૦૧૨	'દલિતચેતના : એક વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ'	ડૉ.દમયંતી પરમાર
શ્રી મનીષ પટેલ ૨૦૧૨	'ભારતીય નવલકથાઓમાં સ્ત્રીપુરુષ સંબંધ : એક તુલનાત્મક અભ્યાસ'	ડૉ.દમયંતી પરમાર
શ્રી પ્રિયકાંત વેદ ૨૦૧૨	'અંગ્રેજી અને ગુજરાતી નવલકથાઓમાં નારી' – કૃતિઓના સંદર્ભે : એક તુલનાત્મક અભ્યાસ	ડૉ.દમયંતી પરમાર
શ્રી નિલિંદી નાયક ૨૦૧૨	'જેન ઓસ્ટેન અને ધીરુબહેન પટેલની નવલકથાઓમાં કુટુંબ જીવન : એક વિષયવસ્તુ તુલનાત્મક અધ્યયનઃ વિશેષ કૃતિઓના સંદર્ભમાં'	ડૉ.દમયંતી પરમાર
કલાવતી ચૌધરી ૨૦૧૩	'વાર્તાકાર વિજયશાસ્ત્રી : એક અભ્યાસ'	ડૉ.દમયંતી પરમાર
શ્રી મુકુન્દરાય દેસાઈ ૨૦૧૪	'ભારતીય નવલકથાઓમાં દાંપત્યજીવન : એક વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અધ્યયન'	ડૉ.દમયંતી પરમાર

શ્રી અમીતકુમાર પટેલ ૨૦૧૫	ગુજરાતી સાહિત્યમાં અતીતરાગ : એક અભ્યાસ	ડૉ.દમયંતી પરમાર
જીના માસ્ટર ૨૦૧૩ (Ongoing)	'ભોળાભાઈ પટેલનું પ્રવાસ સાહિત્ય'	ડૉ.દમયંતી પરમાર
ભાવના સુથાર ૨૦૧૩ (Ongoing)	'નારીવિશ્વને આલેખતી હિમાંશી શેલત અને હરીશ નાગ્રેચાની વાર્તાઓ – એક અધ્યયન '	ડૉ.દમયંતી પરમાર
શ્રી જીતેન્દ્રકુમાર ચૌધરી ૨૦૧૩ (Ongoing)	'ભારતીય સાહિત્ય અને ભારતીય તત્વજ્ઞાન'	ડૉ.દમયંતી પરમાર
શ્રી સતીષકુમાર પ્રિયદર્શી ૨૦૧૩ (Ongoing)	'જ્ઞાનમાર્ગી કવિઓ અખો અને કબીર : તુલનાત્મક અધ્યયન'	ડૉ.દમયંતી પરમાર
પારુલ શુકલા ૨૦૧૨ (Ongoing)	ગુજરાતી સ્ત્રી સર્જકોની નવલકથાઓમાં નારી સંવેદના : એક અભ્યાસ	ડૉ.દમયંતી પરમાર
શ્રી નરેન્દ્રકુમાર સોલંકી ૨૦૧૨ (Ongoing)	ટૂંકીવાર્તામાં પ્રતિરોધ : ત્રણ ભારતીય લેખિકાઓ (હિમાંશી શેલત, મન્નુ ભંડારી અને મહાશ્વેતા દેવી)	ડૉ.દમયંતી પરમાર
હેમા ગોહિલ (Ongoing)	ભારતીય નવલકથાઓમાં બદલાતી નારીની છબી : એક અભ્યાસ	ડૉ.દમયંતી પરમાર

(કમ્પરેટીવ લીટરેચર ડિપાર્ટમેન્ટ)

– માહિતી આ સાથે **પરિશિષ્ટ : ' ૧૧ '** તરીકે સામેલ છે.

(પરિશિષ્ટ: ' ૧૧ ')
(એકવેટીક બાયોલોજી ડિપાર્ટમેન્ટ)

ક્રમાંક	વર્ષ	કોન્ફરન્સની વિગત	વિધાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષકનું નામ	નોંધ
1	2012	" 7th Function Workshop Modeling in crystal" at Taiwan	A. S. Pillai	Dr. I. B. Patel	યુનિ. ધ્વારા કોઈપણ આર્થિક સહાય મળેલ નથી.
2	2012	International Workshop & Conference on Emergiy Trends in technology ICWET – 2012, Mumbai.	Lad Hitesh	Dr. V. G. Joshi	"
3	2012	6th International Conference on Environmental Research at Aurangabad	Desai S. R.	Dr. V. G. Joshi	"
4	2015	International Conferencce on Advance in Electrons, Computers and communication (ICAECC – Oct 2014) at Bangalore	Lad Hitesh	Dr. V. G. Joshi	"
5	2015	"Theory Meets : Experiment : Molecular Nanoscience & Application Conf. at London UK	S. I. Solanki	Dr. I. B. Patel	"
6	2017	International Conference on Intelligent System and Signal Processing (ISSP-2017)	Lad Hitesh	Dr. V. G. Joshi	"

(ફિઝિકસ ડિપાર્ટમેન્ટ)

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૦. યુનિવર્સિટીમાં આવેલ રોજગાર કચેરી દ્વારા કેટલા વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે અને આ કચેરીની માહિતી દરેક વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે શું આયોજન કરવામાં આવે છે. તેમજ યુનિવર્સિટીમાં અને સંલગ્ન કોલેજોમાં કેમ્પસ ઈન્ટરવ્યું થાય છે? તો કઈ કઈ કોલેજો અને ડિપાર્ટમેન્ટમાં અને કઈ કઈ કંપની દ્વારા થાય છે અને તેનો કેટલા વિદ્યાર્થીઓને લાભ મળેલો છે? તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૭૦. – યુનિવર્સિટીમાં આવેલ રોજગાર કચેરી મારફત માંગેલ માહિતી અત્રે ઉપલબ્ધ નથી, પરંતુ વિભાગ દ્વારા થયેલ પ્લેસમેન્ટની માહિતીનું પત્રક આ સાથે **પરિશિષ્ટઃ ' ૧૨ '** તરીકે સામેલ છે.

(પરિશિષ્ટઃ ' ૧૨ ')

(કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટ)

– **વર્ષ ૨૦૧૬–૧૭માં અમારા વિભાગમાંMatrix Business Service India Pvt. Ltd** Nehruvrige, Ahmedabad **દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુમાં પસંદગી પામેલ વિદ્યાર્થીઓના નામો નીચે મુજબ છે.**

૧. સાવલીયા મીતેશ એમ.
૨. પટેલ રવિએન.
૩.ઢોલિયાવિશાલ એમ.
૪.ઢોલિયા પ્રતિક પી.
૫.લાઠિયા અમીત એમ.
૬.પટેલ ચેતન આર.
૭.ઘીનૈયા મીતેશ એમ.
૮.ભાદાની અંકિત પી.

SunpharmaPvt.Ltd
૧.સુરજ પટેલ
૨.જયશ્રી ઘાઘલ
૩.સંગીતા અશોદરિયા
૪. હેમાંગીની પટેલ
૫.સમીર પઠાણ
૬.ખોખાની નિકુંજ

(કેમીસ્ટ્રી ડિપાર્ટમેન્ટ)

– **પ્રસ્તુત માહિતી આ સાથે પરિશિષ્ટ : ' ૧૩ ' તરીકે સામેલ છે.**

(પરિશિષ્ટઃ ' ૧૩ ')
(ડી.બી.આઈ.એમ.)

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૧. ભારત સરકાર કે યુ.જી.સી આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વિદેશમા શિક્ષણનુ સ્તર જાણવા માટે સ્ટડી ટુર માટે કોઈ ગ્રાન્ટ આપવામાં આવે છે ? આ ગ્રાન્ટમાંથી કોઈ વિદ્યાર્થીઓને વિદેશ બીજી યુનિવર્સિટીમા સ્ટડી ટુર પર મોકલવામાં આવેલ છે ?

ઉત્તરઃ ૭૧. ના, જી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૨. યુનિવર્સિટીને "RUSA" હેઠળ કેટલી ગ્રાંટ મળેલ છે અને આ ગ્રાંટ કયાં કયાં વાપરવામાં આવે છે? તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૭૨. **RUSA અંતર્ગત યુનિવર્સિટીને ૧૨માં પ્લાન અંતર્ગત ત્રણ તબક્કામાં કુલ રૂ.૨૦ કરોડનો મંજૂર ગ્રાંટમાંથી રૂ.૧૪.૯૯ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે ગ્રાંટમાંથી નવા છાત્રાલયનું બાંધકામ, નવા શૌચાલયોનું બાંધકામ, નવી પ્રયોગશાળાઓનું નિર્માણ, શૈક્ષણિક મકાનની નવીનીકરણ, વહીવટી મકાનની નવીનીકરણ, કેમ્પસનું ડેવલોપમેન્ટ, હોસ્ટેલનું નવીનીકરણ, વર્ગખંડોનું નવીનીકરણ, ઈ-કેમ્પસ, પ્લે ગ્રાઉન્ડનું અપગ્રેડેશન, રમતોની સુવિધા અને સાધનો, કમ્પ્યૂટર, નવા પુસ્તકો, ઇ-રિસોર્સ, પ્રયોગશાળાના સાધનો માટે વપરાશ કરવામાં આવેલ છે.**

RUSA, New Delhi: Veer Narmad South Gujarat University, Surat.

No	**Total Grant Received**	**14,99,99,529/-**
	Particulars	**Total Expense**
1	**Construction / Creation**	
a	Construction of New Hostel (Boys & Girls)	3,75,671
b	Construction of New Toilets (Boys & Girls)	34,72,299
c	Construction of Laboratories (All Science's Depts)	52,45,654
2	**Renovation/ Upgradation**	
i	Renovation of Academic Buildings (All Depts)	9,86,261
ii	Renovation of Administrative Building	0
iii	Campus Development (Campus Rd, LED Lights, Lift in Lib.)	11,625
iv	Renovation of Hostels	19,67,729
v	Renovation of Toilets	2,97,519
vi	Upgradation of Laboratory	13,28,189
vii	Renovation/ Upgradation of Library	24,47,139
viii	Renovation of Classroom	0
ix	AUDITORIUM	0
x	Renovation of Canteen Cafeteria	0
xi	Upscaling/ Upgradaing Computer Centre/ e-campus	52,76,532
xii	Upgradation of Play Ground	9,42,370
3	**Procurement**	
a	Sports facility and Equipments	0
b	Computers	99,72,180
c	New books	37,70,986
d	Subscription of Journals/ e-resources	1,44,40,885
e	Laboratory Equipments	13,80,856
f	Bank Charges	462
	Total	**5,19,16,357**

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૩. સુધારેલ યુનિવર્સિટીના એકટ અને ઓર્ડિનન્સની બુક ગુજરાતીમા તૈયાર કરી શકાય ? કયારે મળી શકશે ગુજરાતીમા ? આ માટેનુ કોઈ આયોજન છે ?

ઉત્તરઃ ૭૩. હા, જી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૪. યુનિવર્સિટીને દક્ષિણ ગુજરાતના સેવાભાવી અને ધંધાર્થી વ્યકિતઓ દ્વારા કેટલુ દાન મળેલ છે. કોના દ્વારા દાન મળેલ છે, તેમજ કયાં કયાં કામ માટે દાન મળેલ છે. તેમજ સેનેટ દાતાઓના મતદાનની યાદીમાં કેટલા દાન બાદ તે વ્યકિત મતદાર બની શકે છે? તેની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૭૪. – માહિતી **પરિશિષ્ટઃ ' ૧૪'** તરીકે સામેલ છે.

(પરિશિષ્ટઃ ' ૧૪')

– રૂપિયા પાંચ લાખ રોકડા અથવા અન્ય મિલ્કત જેની બજાર કિંમત પાંચ લાખથી ઓછી ન હોય તે યુનિવર્સિટીના હેતુ માટે યુનિવર્સિટી એકટના Section (16) (1) Class II (C) ના સબંધિત સ્ટેટયૂટ – ૧૭ અન્વયે દાન આપનાર દાતાનું નામ સેનેટના દાતાઓના વિભાગની મતદાર યાદીમાં આમેજ કરવામાં આવે છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૫. રાજય સરકાર તથા યુ.જી.સી દ્વારા છેલ્લા ૧૦ વર્ષમા કુલ કેટલુ અનુદાન વર્ષ પ્રમાણે આપવામા આવેલ છે તે જણાવશો ?

ઉત્તરઃ ૭૫. યુ. જી. સી./ રાજય સરકારશ્રીનું પત્રક આ સાથે **પરિશિષ્ટ : ' ૧૫ '** તરીકે સામેલ છે.

(પરિશિષ્ટઃ ' ૧૫ ')

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૬. યુનિવર્સિટીમાં કાર્યરત સાયન્ટીફીક ઈન્સ્ટુમેન્ટ સેન્ટરમાં શું કામગીરી થાય છે? તેનો કોણ કોણ લાભ લઈ શકે છે અને તેમના વિકાસ માટે શું આયોજન કરયુ છે. જેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૭૬. **યુનિવર્સિટીમાં કાર્યરત** સાયન્ટિફિક ઈન્સ્ટ્રુમેન્ટસ **સેન્ટરમાં હાલ ઉપલબ્ધ** ઈન્સ્ટ્રુમેન્ટસ **જેવા કે,** GC-MS, AAS, LYOPHILIZER & FUME HOOD **છે. જેના દ્વારા સંશોધન કરતા તમામ Science ફેકલ્ટીનાં વિધાર્થીઓના** Sample running **ની કામગીરી થાય છે અને તેનો લાભ યુનિવર્સિટીની તમામ Science ફેકલ્ટીનાં વિધાર્થીઓ લઇ શકે છે તેમજ યુનિવર્સિટીની બહારના તમામ Science ફેકલ્ટીનાં વિધાર્થીઓ પણ તેનો લાભ લઇ શકે છે અને તેના વિકાસ માટે** નીચે મુજબના ઈન્સ્ટ્રુમેન્ટસ **ખરીદવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે**.

No.	Instrument	Expected cost
1	FT-IR(IS-50 Nicolate)	50 Lac.
2	TEM	80-90 Lac.
3	NMR	2 - 2.5 Cr.
4	TGA	50 – 60 Lac.
5	LC-MS	1.5 Cr.
6	RTPCR	20 Lac.
7	XRD	Above 75 Lac.
8	STEM	1.2 – 1.5 Cr.
9	C,H,N,S(Chemical Analysis)	25-30 Lac.
10	EDAS	1 Cr.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૭. આપણી યુનિવર્સિટીમા સેમેસ્ટર સિસ્ટમ યુ.જી. કોર્ષમા બંધ કરવા માટે કોણે કોણે રજુઆત કરેલ છે ?

ઉત્તરઃ ૭૭. હાલ કોઈ રજૂઆત મળેલ નથી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૮. યુનિવર્સિટીમાં વેલફેર બોર્ડની રચના કરવામાં આવેલી છે? જો હા તો આ બોર્ડમાં કોણ કોણ છે અને તેમની મીટીગ કયારે મળી હતી. તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૭૮. ૧. સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની રચના કરવામાં આવી છે.

૨. આ સાથે સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડના સભ્યનું લીસ્ટ આ સાથે **પરિશિષ્ટઃ ' ૧૬ '** તરીકે સામેલ છે.

૩. (અ)તા.૧૩/૧૦/૨૦૧૬/ (બ)તા.૦૯/૦૩/૨૦૧૭/ (ક) તા.૧૨/૦૭/૨૦૧૭ના રોજ ત્રણ વાર મળી હતી.

(પરિશિષ્ટ : ' ૧૬ ')

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૯. યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાં ' સ્ટુડન્ટ ચાર્ટર ' યુ.જી.સીના નિયમ મુજબ પાલન થાય છે ?

(અ) યુ.જી.સીના નિયમ મુજબ ' સ્ટુડન્ટ ચાર્ટર ' માં વિદ્યાર્થીઓને કયા કયા હકો આપવામા આવ્યાં છે ?

ઉત્તરઃ ૭૯. યુનિવર્સિટી દ્વારા યુ. જી. સી. એ પ્રસિધ્ધ કરેલ ગાઈડલાઈન્સ ફોર સ્ટુડન્ટ એન્ટાઈટલમેન્ટ અંગે ઘટતી કાર્યવાહી કરવામાં આવેલ છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૦. યુનિવર્સિટીમાં સોલાર પેનલ લગાવીને ઉર્જા મેળવવાનું કોઈ આયોજન કરયું છે? જેની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૮૦. હા, જી. કુલ ૩૫૮ કિલો વોટ પાવર જનરેટ થાય તેવી યોજના GEDA દ્વારા કરવામાં આવેલ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૧. હાલમાં આપણી યુનિવર્સિટીમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮માં જે વિદ્યાર્થીઓના તમામ પદવીમા પ્રવેશ લીધા ત્યારથી ૭ વર્ષ પૂર્ણ થઈ ગયા હોવાથી પરીક્ષા ન આપી શકે તેવા કેટલા વિદ્યાર્થીઓના ફોર્મ રદ કરવામા આવ્યાં છે ? કઈ કઈ ફેકલ્ટીમાં તે જણાવશો આ નિયમ બદલવાનુ કોઈ આયોજન છે ?

ઉત્તરઃ ૮૧. જે કિસ્સાઓમાં વિદ્યાર્થીની અભ્યાસ પૂર્ણ કરવાની મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ કોલેજે ભલામણ કરવાનાં રહેતાં નથી. પરંતુ જે કોઈ કીસ્સામાં કોલેજ દ્વારા આવા ફોર્મ શરતચૂકથી મોકલી આપેલા હોય તેવા વિવિધ ફેકલ્ટી દ્વારા રદ થયેલ આવેદનપત્રોની યાદી આ સાથે **પરિશિષ્ટ : ' ૧૭ '** તરીકે સામેલ છે. વધુમાં પ્રર્વતમાન નિયમોની જગવાઈઓ અંગે પુનઃ વિચારણા કરવા એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કરવામાં આવનાર છે.

(પરિશિષ્ટ : ' ૧૭ ')

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૨. યુનિવર્સિટીની ફરતે આવેલ કંપાઉન્ડ વોલ કયારે કયારે બનાવી? તે કેટલી લંબાઈની બનાવી? તેમાં કેટલો ખર્ચ થયો? કઈ કંપનીએ કામ કર્યું? તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૮૨. યુનિવર્સિટી કેમ્પસમાં તાજેતરમાં ઉધના–મગદલ્લા રોડને સમાંતર બંન્ને બાજુ કમ્પાઉન્ડ વોલ વર્ષ : ૨૦૧૬–૧૭માં બનાવવામાં આવી. તેની લંબાઈ ૧૮૫૬ રનીંગ મીટર છે તેમાં અંદાજે રૂા.૮૭,૬૯,૧૪૨/–નો ખર્ચ થયેલ છે. પ્રસ્તુત કામ મે. મેઘા કન્સ્ટ્રકશન, સુરત દ્વારા કરવામાં આવેલ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૩. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮માં વિદ્યાર્થીઓના કોઈપણ એક સેમેસ્ટરમાં યુ.જી.માં ૬ પ્રયત્ન પૂર્ણ થઈ ગયા હોય અને પી.જી.માં કોઈપણ એક સેમેસ્ટરમા ૪ પ્રયત્ન પૂર્ણ થઈ ગયા હોય જેના કારણે તે સેમેસ્ટરની પરીક્ષા ન આપી શકે તેવા કેટલા વિદ્યાર્થીઓના ફોર્મ યુનિવર્સિટી દ્વારા દરેક પદવીમા રદ કરવામા આવ્યાં છે તેની માહિતી આપવી ? આ નિયમ હળવો કરવાનુ કોઈ આયોજન છે ?

ઉત્તરઃ ૮૩. ઉત્તર : ૮૧ મુજબ.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૪. યુનિવર્સિટીમાં યુજી અને પીજી સાયન્સ ફેકલ્ટીમાં કેટલી સીટો છે, તેમજ યુનિવર્સિટી દ્વારા કયારે અને કેટલી સીટો વધારવામાં આવી અને કોની કોની રજુઆતથી સીટો વધારવામાં આવી તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૮૪. માહિતી નીચે મુજબ છે.

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો તથા સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોમાં વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ ચાલતા અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન મંજૂર બેઠકો ઉપરાંત કોલેજના આચાર્યશ્રીઓ તેમજ વિદ્યાર્થી મંડળોની રજૂઆત સંદર્ભે ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટીની ભલામણ અન્વયે જે તે અભ્યાસક્રમોમાં વધારવામાં આવેલ બેઠકોની માહિતી નીચે મુજબ છે.

Sr. No.	Programme	Total Seats	Additional Approved Seats	Total Approved Seats	Total Admitted Students
1	M.Sc. Chemistry	579	75	654	642
2	M.Sc. Chemistry (Evening) (SFI)	30	20	50	47
3	M.Sc. Environmental Chemistry (SFI)	25	0	25	18
4	M.Sc. Botany	50	15	65	65
5	M.Sc. Microbiology (SFI)	180	30	210	204
6	M.Sc. Environmental Science (SFI)	20	3	23	23
7	M.Sc. Physics	69	23	92	88
8	M.Sc. Electronics	23	0	23	11
9	M.Sc. Mathamatics	210	158	368	328
10	M.Sc. Biosicence	60	15	75	75
11	M.Sc. Biotechnology (SFI)	180	0	180	124
12	M.Sc. Statistics	30	0	30	14
13	M.Sc. Applied Statistics	40	0	40	14
14	M.Sc. Aquatic Biology	30	0	30	21
15	M.Sc. (Tech.) in Instrumentation (SFI)	30	0	30	5
16	M.Sc. Medical Leboratory Technology (SFI)	30	3	33	33
17	P.G.Diploma in Instrumentation (SFI)	40	0	40	0
18	P.G. Diploma in Medical Laboratory Technology (SFI)	150	40	190	190
19	P.G. Diploma in Dietetics (SFI)	30	0	30	11
20	P.G. Diploma in Early Childhood Education (SFI)	30	0	30	6
21	M.Sc. Optometry (SFI)	20	0	20	11
	Total	**1856**	**382**	**2238**	**1930**

(અનુસ્નાતક(પી.જી.) વિભાગ)

– યુનિવર્સિટીમાં યુજીમાં સાયન્સ ફેકલ્ટીમાં ૬૦ + ૩૦ ઈનટેક મુજબ કુલ–૯૦ બેઠકો કરવામાં આવેલ છે. યુનિવર્સિટી પત્ર ક્રમાંક : એકે/ પ્રવેશ/ ૯૪૪૩/૨૦૧૭, તા.૦૧–૦૬–૨૦૧૭ પ્રમાણે. અમારો કોર્ષ ફાય ઇયર્સ ઇન્ટીગ્રેટેડ કોર્સ હોવાથી પીજીની સીટો લાગુ પડતી નથી.

(બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટ)

Course	Seat
M. Sc. (Statistics)	30
M. Sc. (Applied Statistics)	40

(સ્ટેટીસ્ટીકસ ડિપાર્ટમેન્ટ)

યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગમાં ચાલતા પી.જી. અભ્યાસક્રમો MCA અને PGDCA (REG) ચાલે છે, જેની MCA-GIA કોર્સની ૩૦ બેઠકો, MCA-SFI કોર્સની ૩૦ બેઠકો તથા MCA-Lateral-SFI કોર્સની ૬૦ બેઠકોનું ૧ ડિવિઝન છે. તથા ACPC દ્વારા MCA-Lateral કોર્સમાં MCA-First Year ઈન્ટેકની ૨૦% બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવે છે.

(કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટ)

અત્રેના વિભાગને **"COA"** ના નિયમ પ્રમાણે બેઠકો ફાળવે છે. **"COA"** પ્રમાણે હાલમાં આમારા વિભાગની કુલ ૩૦ બેઠકો છે.

(આર્કિટેકચર ડિપાર્ટમેન્ટ)

અભ્યાસક્રમ	મંજુર સીટ
એમ.એસસી. ગણિતશાસ્ત્ર	૫૦+૫૦ (રેગ્યુલર+હાયર)

ચાલુ વર્ષે કુલપતિશ્રીના આદેશથી એમ. એસસી.. ભાગ–૧માં કુલ ૨૬૦ પ્રવેશ આપવામાં આવેલ છે.

(મેથેમેટીકસ ડિપાર્ટમેન્ટ)

યુનિવિર્સિટીમાં પીજી સાયન્સ એકવેટીક બાયોલોજી વિભાગમાં ૨૦ રેગ્યુલર + ૧૦ હાયર પેમેન્ટ બેઠકો છે. યુનિવર્સિટી દ્વારા છેલ્લા પાંચ વર્ષથી બેઠકો **વધારવામાં આવેલ નથી.**

(એકવેટીક બાયોલોજી ડિપાર્ટમેન્ટ)

પીજી સાયન્સ ફેકલ્ટીમાં ભૌતિકશાસ્ત્ર વિભાગમાં નીચે મુજબના અભ્યાસક્રમો માટે બેઠકોની માહિતી સામેલ છે.
એમ.એસ.સી. ભૌતિકશાસ્ત્ર ૨૯ લોઅર ફી + ૨૫ હાયર ફી + ૧૦ વધારવામાં આવી (વિધાર્થીઓની રજૂઆત સંદર્ભે).
એમ.એસ.સી. ઈલેકટ્રોનીકસ ૦૬ લોઅર ફી + ૧૦ હાયર ફી.

(ફિઝિકસ ડિપાર્ટમેન્ટ)

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૫. છેલ્લા ઘણા વર્ષથી આપણી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીની અંતિમ વર્ષની માર્કશીટમાં પ્રથમ અને બીજા વર્ષના માર્કસ ઉમેરવામા આવતા નથી જેના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલી ઉભી થતી રોકવા હવેથી વિદ્યાર્થીઓના અંતિમવર્ષની માર્કશીટમાં પ્રથમ અને બીજા વર્ષના માર્કસ ઉમેરવાનું કે ગણતરીમાં લેવાનુ કોઈ આયોજન છે ?

ઉત્તરઃ ૮૫. એકેડેમિક કાઉન્સિલની તા.૫–૪–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક : ૬ તથા સિન્ડિકેટના ઠરાવ ક્રમાંક : ૫૬ અનુસાર અમલ કરવામાં આવે છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૬. યુનિવર્સિટીનું નવુ વહીવટી ભવન બનાવવાનું કોઈ આયોજન છે? તે કયારે બનશે? તેમજ યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ શોપીગ સેન્ટરના ડેવલોપમેન્ટ માટે શું આયોજન છે, તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૮૬. ના, જી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૭. ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી યુવકમહોત્સવ માંથી આપણી યુનિવર્સિટીમા હજુ સુધી કેટલી કૃતિઓનો સમાવેશ થયો નથી ?

(અ) ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી યુવકમહોત્સવની કૃતિઓનુ લીસ્ટ આપવું ?

(બ) આપણી યુનિવર્સિટીના યુવકમહોત્સવની કૃતિઓનુ લીસ્ટ આપવું ?

ઉત્તરઃ ૮૭. (અ) ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી યુવક મહોત્સવની કૃતિઓની યાદી પરિશિષ્ટ તરીકે સામેલ છે.

(બ) વીર નર્મદ દ.ગુ.યુનિ.ના યુવક મહોત્સવની કૃતિઓની યાદી પરિશિષ્ટ તરીકે સામેલ છે.

(પરિશિષ્ટ : ' ૧૮ ')

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૮. હાલમાં યુનિવર્સિટીમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? તેમજ આ વિદ્યાર્થીઓ માટે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવે છે? તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૮૮. માહિતી નીચે મુજબ છે.

હાલમાં યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે. અનુસ્નાતક અભ્યાસમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે જે તે અનુસ્નાતક વિભાગ તેમજ અનુસ્નાતક કેન્દ્રોના **Placement Cell** દ્વારા નોકરી માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવતું હોય છે.

Sr. No.	Department / College	Part –I	Part-II	Total
1	University Post Graduate Department	1,815	1,651	**3,466**
2	University P.G. Centres/Self Finance Colleges	5,017	4,208	**9,225**
	Total	**6,832**	**5,859**	**12,691**

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૯. ઓલ ઈન્ડિયા યુનિવર્સિટીમાં રમતો રમાતી હોય અને આપણી યુનિવર્સિટી કક્ષાએ રમાતી ન હોય તેવી રમતોના નામ આપો ? આ રમતો રમાય તે માટેનુ શું આયોજન છે ?

ઉત્તરઃ ૮૯. (અ) ઓલ ઈન્ડીયા યુનિ.ની જુદી જુદી રમતોની યાદી પરિશિષ્ટ તરીકે સામેલ છે..

(બ) વીર નર્મદ દ.ગુ.યુનિ.ની જુદી જુદી રમતોની યાદી પરિશિષ્ટ તરીકે સામેલ છે. .

(ક) ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી રમતોમાં વીર નર્મદ દ.ગુ.યુનિ. ભાગ લેતી નથી. તેની યાદી પરિશિષ્ટ તરીકે સામેલ છે.

બોર્ડ ઓફ સ્પોર્ટસની ભલામણ મુજબ પ્રતિવર્ષ બે થી ત્રણ રમતોને સામેલ કરવામાં આવે છે.

(પરિશિષ્ટ : ' ૧૯ ')

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૦. વિદેશમાંથી કેટલા વિદ્યાર્થીઓએ આપણી યુનિવર્સિટીમાં છેલ્લા પાંચ વર્ષમાં અભ્યાસ માટે પ્રવેશ લીધો, તેમણે કયા કયા કોર્સમાં અભ્યાસ કરે છે. તેમજ તેઓ કયા કયા દેશ માંથી કઈ યોજનાથી પ્રવેશ મળ્યો, તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૯૦. – માહિતી નીચે મુજબ છે.

No.	Student Name	Year	Course	College/Dept.	Country	Scheme
1	1-Sediqa Ahmadi	2013-14	B.C.A	C.B. Patel Computer College, Surat.	Kabul Afghanistan	ICCR
	2- Nabayego Hamidah	2013-14	B.C.A		Kampala	
2	1- Mr. Spencer Bettencourt Ariel	2014-15	F.Y.B.Sc (Biotech)	Dept. of Biotech, VNSGU, Surat	Cabo verde Portugal	ICCR
	2.Mr.Sayed Abdullah		B.B.A	BRCM College of Business Administration, Surat.	Afghanistan	ICCR
3	Tumbula Mandla	2015-16	5 Year (Integrated) MHRD	Dept. of MHRD, VNSGU, Surat.	Botswana	ICCR
4	-	2016-17	-	-	-	-
5	-	2017-18	-	-	-	-

– યુનિવર્સિટીમા છેલ્લા પાંચ શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિદેશમાંથી નીચે મુજબના વિદ્યાર્થીઓએ તેમના નામની સામે દર્શાવેલ અભ્યાસક્રમ તથા યોજનામાં પ્રવેશ મેળવ્યો હતો.

Admission Year : 2013-14

Sr. No.	Name of Student	Country	Programme	Department	Sponcered
1	MS. ELIZAVEA ALEYNIKOVA	RUSSIAN	M.A ENGLISH	ENGLISH	ICCR
2	MS. YANJINLKHAM ENKHTAIVAN	MONGOLIA	M.P.A	Public Administration	ICCR
3	Mr. NABAYEGI HAMIDA	UGANDA	B.C.A	Computer Science	ICCR
4	1-Sediqa Ahmadi	Kabul Afghanistan	B.C.A	C.B. Patel Computer College, Surat	ICCR
5	MR. AGBENORKU OBED	GHANA	M.SC ICT	MSC IT	ICCR
6	MS. NIZEYIMANA PAMELA	UGANDA	Ph.D Edu	Education	ICCR
7	MR. HENRY KARISHA AMPEIRA	UGANDA	Ph.D Edu	Education	ICCR
8	MR. ATSU KOMALAN BOUKA	GHANA	M.P.A	Public Administration	ICCR
9	MR. AMARE AYAIEW ABEBE	ETHOPIA	Ph.D Anal. Chemistry	Chemistry Department	ICCR
10	MR. NYAMBOLOR CHULUUNBAT	MONGOLIA	M.SC ENV. SCI.		ICCR

11	MR. KAUME YANA OUATTARA	COTE DIVOIRE	M.H.R.D.	HRD	ICCR
12	MR. MICHAEL K ADONGO	GHANA	M.C.A	Computer Science	ICCR
13	MR. BALOJJA TOM DARLINGTOM	UGANDA	Ph.D Edu	Education	ICCR
14	MR. JAMAL NASIR KOHISTANI	AFGHAN	M.P.A	Public Administration	ICCR
15	MR. RUPAK THAPA	NEPAL	M.SC BIO TECH	BIO SCIENCE	ICCR
16	MR. SUVASH CHANDRA AWAL	NEPAL	M.SC BIO TECH	BIO SCIENCE	ICCR
17	MS. PRAGYA MALLA SHRESTHA	NEPAL	M.SC BIO TECH	BIO SCIENCE	ICCR

Admission Year : 2014-15

Sr. No.	**Name of Student**	**Country**	**Programme**	**Department**	**Sponcered**
1	MR. PETER ASARE NUAMAH	GHANA	M.P.A	Public Administration	ICCR
2	MR. EBISA NEDA NATEL	ETHOPIA	M.SC ICT	MSC IT	ICCR
3	MR. KEVIN ABER	UGANDA	M.C.A	Computer Science	ICCR
4	MR. BRIGHTON MUSONDA CHISHIMI	ZAMBIA	MHRD	HRD	ICCR
5	MR. ARIEL SPENCER BETTENCOURT	CAPE VERDA	B.SC BIOTECH	BIO SCIENCE	ICCR
6	MR. OUSAINOU JALLOW	GAMBIA	M.SC ICT	MSC IT	ICCR
7	MR. MOHAMMED KAMAL HADI	GUYANA	M.SC PHYSICS	PHYSICS DEPT	ICCR
8	MR. TAVENDRA OJHA	GUYANA	M.C.A	Computer Science	ICCR
9	MS. TRACY GAOLESE	BOTSWANA	MHRD	HRD	ICCR
10	MR. JEAN CLAUDE MUTESI	RWANDA	Ph.D (Busi. Admn)	MBA	ICCR
11	MEHABOOBA QUAMMI	AFGHANISTAN	M.C.A	Computer Science	ICCR
12	ABDUL REHMAN KHAIRKHWA	AFGHANISTAN	M.P.A	Public Administration	ICCR
13	MS. DOLGOVA ANZELIKA ALAXEEVNA	RUSSIA	Ph.D. Economics	Economic	ICCR
14	MS. DEEPSHIKHA SHARMA	FIJI	B.OPTOMETARY		ICCR
15	MR. SHANI JAISWAL	NEPAL	M.SC BIO TECH	BIO SCIENCE	ICCR
16	MR. JEETENDRA MAHAJAN	NEPAL	M.SC BIO TECH	BIO SCIENCE	ICCR
17	MR. RAJESH SHRESHTHA	NEPAL	M.SC BIO TECH	BIO SCIENCE	ICCR
18	MS. KABITA DANGOL	NEPAL	M.SC BIO TECH	BIO SCIENCE	ICCR

Admission Year : 2015-16

Sr. No.	Name of Student	Country	Programme	Department	Sponcered
1	MUTHARI NAJIBULLAH	AFGHANISTAN	M.P.A	Public Administration	ICCR
2	FARHAD AHMAD	AFGHANISTAN	M.P.A	Public Administration	ICCR
3	SAEIDA SAADAT	AFGHANISTAN	M.Sc.-Biotech	BIO-TECH DEPTT	ICCR
4	SIMWATACHELA HYDEN	ZAMBIA	M.Sc.-Biotech	BIO-TECH DEPTT	ICCR
5	SAYED ABDULLAH	AFGHANISTAN	B.B.A.	BRCM COLLEGE SURAT	ICCR
6	ALI JUMA	AFGHANISTAN	Ph.D. Sociology	SOCIOLOGY DEPTT	ICCR
7	DICK SAGOE CHRISTOPHER	GHANA	Ph.D. Public Administration	Public Administration	ICCR
8	KHAKRIZWAL INAMULLAH	AFGHANISTAN	M.P.A.	Public Administration	ICCR
9	RONALD WANGAEL ELIAS	TANZANIA	M.C.A.	Computer Science Deptt	ICCR
10	GANJINA SHAMIROVA	TAJIKISTAN	MBA	MANAGEMENT DEPTT	ICCR
11	SERAFINO MUSA ABDELKARIM AUGUSTINO	SOUTH SUDAN	BIO-SCIENCE	BIO-TECH DEPTT	ICCR
12	WALEED GAFER HAMAD ABDEL RAHIM	SUDAN	MCA	Computer Science Deptt	ICCR

Admission Year : 2016-17

Sr. No.	Name of Student	Country	Programme	Department	Sponcered
1	ABUYOUNIS MAHAMMED A A	Palestine	Ph.D. Economic	Economics	ICCR
2	NYABYENDA RADJAB MUNEZA ISSA	Rawanda	Ph.D. Economic	Economics	ICCR
3	OLUYINKA OLUTAYO ABIODUN	Nigeria	Ph.D. Chemistry	Chemistry	ICCR
4	ANWARI MUJTABA HOMAYOON	Afghanistan	M.P.A	Public Administration	ICCR
5	AZIZ KHALID	Afghanistan	M.P.A	Public Administration	ICCR
6	MAMOZAI RAHMAN WALI HAJI SAYED WALI	Afghanistan	M.P.A	Public Administration	ICCR
7	SAMSOOR SEDIQULLAH	Afghanistan	M.P.A	Public Administration	ICCR
8	BLAISE RWABUKUMBA	Rawanda	M.H.R.D	HRD	ICCR
9	FAWAD GHULAM RABANI (FAWAD ORYAKHAIL)	Afghanistan	M.C.A	Computer Science	ICCR
10	BARIZ MOHAMMAD ASIF GHULAM FAROOQ	Afghanistan	M.P.A	Public Administration	ICCR

Admission Year : 2017-18

Sr. No.	Name of Student	Country	Programme	Department	Sponcered
1	**MIRPOOR MOHAMMAD ASIF**	AFGHANISTAN	M.A. (Public Administration)	M.P.A. DEPTT	ICCR

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૧. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ઓર્ડિનન્સ –૬૫ એ હેઠળ તમામ પદવીઓમા સેમેસ્ટર ૧,૩,૫ માં કેટલા વિદ્યાર્થીઓના ફોર્મ રદ કરી પરીક્ષામાં બેસવા ન લીધા તેની સંખ્યા પદવી પ્રમાણે જણાવો ?

(અ) વિદ્યાર્થી વર્ષના વચ્ચેથી અભ્યાસ વંચિત ન થાય તે માટે સેમેસ્ટર ૧,૩,૫ મા ઓર્ડિનન્સ–૬૫એ ને લાગુ ન પાડવાનુ કોઈ આયોજન છે ?

ઉત્તરઃ ૯૧. વિવિધ ફેકલ્ટી દ્વારા રદ થયેલ યાદી આ સાથે **પરિશિષ્ટઃ ' ૨૦ '** તરીકે સામેલ છે.

(પરિશિષ્ટ : ' ૨૦ ')

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૨. ડીજીટલ એજયુકેશન ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત યુનિવર્સિટીમાં ડિઝીટલ કલાસરૂમ, ઈ–લાઈબ્રેરીના નિર્માણ માટે કોઈ વ્યવસ્થા કરી છે? તેની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૯૨. ડિઝિટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના ક્લાસરૂમને સ્માર્ટ ક્લાસ રૂમમાં રૂપાંતર કરવા માટે RUSA માંથી ૬૦ લાખની ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે. ઈ-લાઈબ્રેરી અંતર્ગત RUSAમાંથી ઈ-રિસોર્સ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. વધુમાં, યુનિવર્સિટીમાં UGCના SWAYAM અને MOOC અભ્યાસક્રમોના અમલ માટે વિભાગીય વડાશ્રીઓ, ડિનશ્રીઓ સાથે મા. કુલપતિશ્રી દ્વારા ચર્ચા કરવામાં આવેલ છે. SWAYAMના અમલ માટે UGC દ્વારા તા.૦૨/૦૨/૨૦૧૮ના રોજ ।દલ્હી ખાતે આયોજીત training program માં યુનિવર્સિટીના પ્રતિનિ।ધ તરીકે ડૉ. ભાવેશ વનપરીયા ઉપસ્થિત રહેલ હતા.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (પ્રશ્નઃ૯૩ થી ૧૬૩)

પ્રશ્નઃ ૯૩. છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકાર દ્વારા નવી વહીવટી કર્મચારીઓની ભરતીની જગ્યા કેટલી અને કયારે મંજૂર કરવામા આવેલ ?

(અ) આ જગ્યા ભરવા માટે યુનિવર્સિટી દ્વારા કયારે અને કયા કયા પગલા ભરવામા આવ્યા તેની માહિતી આપશો ?

ઉત્તરઃ ૯૩. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૯૪. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓનુ પરીણામ જાહેર થયા પછી મોડામાં મોડુ કેટલા દિવસ પછી માર્કશીટ વિદ્યાર્થીઓને આપવામા આવે છે ?

ઉત્તરઃ ૯૪. પરિણામ જાહેર થયેથી જેમ બને તેમ જલ્દીથી વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવે છે અને ડિગ્રી પરીક્ષાની માર્કશીટને પ્રાધાન્ય આપવામાં આવે છે.

પ્રશ્ન: ૯૫. યુનિવર્સિટીમાં વિવિધ ફોર્મ ભરવા માટે આવતા વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી દ્વારા ફી કાઉન્ટર પર કેટલા વાગ્યા સુધી સ્વીકારવામા આવે છે ? આ ફી સ્વીકારવાનો સમય વધારવાનુ કોઈ આયોજન છે ?

ઉત્તર: ૯૫. યુનિવર્સિટી કાર્યાલય સમય દરમ્યાન ૧૧:૦૦ થી ૫:૧૫ સુધી ફી સ્વીકારવામાં આવે છે. બપોરે ૨:૩૦ થી ૩:૦૦ કાર્યાલયનો રીસેસ ટાઈમ હોય છે.

પ્રશ્ન: ૯૬. યુનિવર્સિટીની દરેક સિન્ડિકેટ મીટીગના એજન્ડા અને મીનીટ્સ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન મુકવાની માંગણી કે રજુઆત કરવામા આવેલ છે ? કોના કોના દ્વારા આ રજુઆત કરેલ છે ? આ અંગે શું આયોજન છે.

ઉત્તર: ૯૬. – યુનિવર્સિટીની દરેક સિન્ડિકેટ મીટીગના એજન્ડા અને મીનીટ્સ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન મુકવાની અરજી શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ કરેલ હતી.

– સક્ષમ સત્તા મંડળને આધિન.

પ્રશ્ન: ૯૭. માર્ચ–૨૦૧૭ની સેનેટ સભામા પુછાયેલા પ્રશ્નો અને આપેલા જવાબોના આધારે પાસ કરેલ ઠરાવનુ અમલીકરણ કર્યું છે? જો કર્યું હોય તો એકશન ટેકન રીપોર્ટની વિગતો જણાવશો ?

ઉત્તર: ૯૭. પ્રશ્ન અસ્પષ્ટ છે.

પ્રશ્ન: ૯૮. ચાલુ શૈક્ષણિક વર્ષમાં યુનિવર્સિટીને એક્ષટર્નલ વિદ્યાર્થીઓની ફી ની આવક કેટલી અને ખર્ચ કેટલો થયો તે (વિદ્યાર્થી દીઠ) જણાવશો ?

ઉત્તર: ૯૮. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માં એક્ષટર્નલ વિદ્યાર્થીઓની ફી ની આવક રૂા.૫,૩૬,૯૮,૫૯૫/– થઈ છે. રેગ્યુલર પરીક્ષા અને એક્ષટર્નલ પરીક્ષાનાં પરીક્ષકોનાં ટી.એ., ડી.એ. તથા મહેનતાણાંનો ખર્ચ સંયુકત નિભાવવામાં આવતો હોય, એક્ષટર્નલ પરીક્ષાનો તમામ ખર્ચ અલગથી આપી શકાય તેમ નથી.

પ્રશ્ન: ૯૯. યુનિવર્સિટીમાં છેલ્લા ત્રણ વર્ષમાં રોડ બનાવવા માટે કેટલો ખર્ચ થયો છે ? આ રોડ બનાવવા માટે ટેન્ડરીગ કરવામાં આવેલ છે કે નહી ? રોડ બનાવવાનુ કામ કયા કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ તેની માહિતી આપવી ?

ઉત્તર: ૯૯. યુનિવર્સિટીમાં રોડ બનાવવા માટે કુલ રૂા. ૨,૫૨,૯૮,૩૨૩ /– નો ખર્ચ થયો છે. આ રોડ બનાવવા માટે ઓન લાઈન ઈ–ટેન્ડરીગ કરવામાં આવેલ છે. રોડ બનાવવાનું કામ મે. એમ. એ. પટેલ, સુરત દ્વારા કરવામાં આવેલ છે.

પ્રશ્ન: ૧૦૦. આંતર યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં છેલ્લા ત્રણ વર્ષમાં ભાગ લેવા માટે કઈ કઈ ટીમો કઈ કઈ સ્પર્ધા માટે મોકલવામા આવેલ તેની યાદી આપો.

ઉત્તર: ૧૦૦. આંતર યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં છેલ્લા ત્રણ વર્ષમાં સમૂહ નૃત્ય ટીમ ગઈ હતી. સને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં વીર નર્મદ દ.ગુ.યુનિની આંતર યુનિ યુથ ફેસ્ટીવલમાં નાટક,સમૂહગીત,સમૂહ નૃત્ય,હળવુંકંઠય સંગીત, શાસ્ત્રીય વાધ સંગીત(તાલ વાધ અને સ્વર વાધ), શીઘ્ર ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો અને સમૂહ નૃત્યમાં વેસ્ટઝોન ચેમ્પિયન બની કવૉલીફાઈડ થઈ હતી.ઓલ ઈન્ડિયામાં સમૂહનૃત્ય પ્રથમ ક્રમે આવી હતી અને વર્લ્ડ યુનિવર્સિટી રમવા માટે કવૉલીફાઈડ થઈ હતી.

પ્રશ્ન: ૧૦૧. ચાલુ વર્ષમા અર્ન વિથ લર્ન યોજના અંતર્ગત યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ તેમજ કોલેજોના કયા કયા વિદ્યાર્થીને કેટલુ મહેનતાણું ચુકવવામા આવેલ છે તેની માહિતી આપશો ?

ઉત્તર: ૧૦૧. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્ન: ૧૦૨. યુનિવર્સિટીમાં માર્કશીટ છાપવાનો કોન્ટ્રાકટ છેલ્લા ચાર વર્ષમા કયા કયા ભાવથી આપવામાં આવ્યો તથા દરેક વર્ષે કુલ કેટલી માર્કશીટ છાપવામા આવતી હતી.

(અ) છેલ્લા ચાર વર્ષથી કયા કયા વર્ષમા ટેન્ડરીગ કર્યા વગર કોન્ટ્રાકટ આપવામાં આવ્યો ?

(બ) છેલ્લા ૧૦ વર્ષમા કયા કયા કોન્ટ્રાકટર દ્વારા આ કામ કરવામા આવેલ છે ?

ઉત્તર: ૧૦૨. – યુનિવર્સિટી કાર્યાલય તરફથી માર્કશીટના છાપકામ અંગે મે. સૂર્યા ઓફસટ, અમદાવાદને નીચે મુજબ ઓર્ડર આપી કામ સોપવામાં આવેલ છે.

(૧) ક્રમાંકઃજન/સ્ટોર્સ/માર્કશીટ/૧૦૦૬૮/૨૦૧૩, તા.૧૬/૦૮/૨૦૧૩ થી રૂા.૭.૨૪/– ના ભાવે કામ સોપવામાં આવેલ છે.

(૨) ક્રમાંકઃજન/સ્ટોર્સ/માર્કશીટ/૧૫૦૪૬/૨૦૧૪, તા.૨૯/૧૨/૨૦૧૪ થી રૂા.૭.૨૪/– ના ભાવે કામ સોપવામાં આવેલ છે.

(૩) ક્રમાંકઃજન/સ્ટોર્સ/માર્કશીટ/૧૭૬૯૬/૨૦૧૬, તા.૦૪/૧૦/૨૦૧૬ થી રૂા.૬.૭૪/– ના ભાવે કામ સોપવામાં આવેલ છે.

– વર્ષ ૨૦૧૩ – ૩,૦૦,૦૦૦, વર્ષ ૨૦૧૪ – ૫,૦૦,૦૦૦, વર્ષ ૨૦૧૫ – ૩,૦૦,૦૦૦, વર્ષ ૨૦૧૬ – ૫,૦૦,૦૦૦ અને વર્ષ – ૨૦૧૭ – ૫,૦૦,૦૦૦ માર્કશીટો છાપવામાં આવેલ હતી.

(અ) નાણાંસમિત અને સિન્ડિકેટના ઠરાવ અનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(બ) Statute : 36 (2) (i) (e) & (h) મુજબ.

પ્રશ્ન: ૧૦૩. યુનિવર્સિટીનુ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અન્ય સંસ્થાઓને ભાડે આપવા કોઈ નિતિ નિયમો ઘડવામા આવ્યા છે ?

ઉત્તર: ૧૦૩. યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ અન્ય સંસ્થાને ભાડે આપવામાં આવતું નથી.

પ્રશ્ન: ૧૦૪. એમ.એસસી. (ટેક) ઈન ઈસ્ટુમેન્ટેશન પાંચ વર્ષનો સ્વનિર્ભર અભ્યાસક્રમ વર્ષ–૨૦૧૦માં કયા કયા સત્તા મંડળમાંથી મંજૂર થયેલ છે ? આજદીન સુધી આ અભ્યાસક્રમ ચાલુ કેમ નથી કરવામાં આવ્યો તેના કારણો જણાવો ?

ઉત્તર: ૧૦૪. એમ.એસસી.(ટેક.) ઈન ઈન્સ્ટ્રુમેન્ટેશન પાંચ વર્ષનો સ્વનિર્ભર અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૦ માં વિવિધ સત્તામંડળમાંથી મંજૂર થયેલ છે. કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન: ૧૦૫. યુથ વેલ્ફેર બોર્ડની નાયબ નિયામકની જગ્યા કયારથી ખાલી છે ? આ જગ્યા ભરવાનુ કોઈ આયોજન છે ? કેવી રીતે ? કયારે ?

ઉત્તર: ૧૦૫. – નાયબ નિયામકની જગ્યા તા. ૩૧/૧૦/૨૦૧૨ થી ખાલી છે.

– હા, જી.

– કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન: ૧૦૬. યુનિવર્સિટીમાં કોઈપણ પ્રકારના પુસ્તકો કે લવાજમ/ જર્નલની ખરીદી કરવામાં આવતા દ.ગુ.ના અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે ઉપયોગ કરવાનું કોઈ આયોજન છે ?હા હોય તો તેની માહિતી આપવી ? ના હોય તો તેના કારણો આપવા ?

(અ) ચાલુ શૈક્ષણિક વર્ષમાં યુનિવર્સિટી દ્વારા કેટલા ઈ–બુકસ ખરીદવામાં આવ્યા તે દરેક પુસ્તકની કિંમત અને સંખ્યા જણાવો.

ઉત્તર: ૧૦૬. હા, જી. યુનિવર્સિટીના એક્ષટર્નલ અભ્યાસક્રમનાં પુસ્તકો ખરીદવા માટેની કાર્યવાહી ચાલુ છે.

(અ) ઈ–બુકસ ખરીદવા માટેની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન: ૧૦૭. કેન્દ્ર સરકારની ડીમોનીટાઈઝેશનથી આપણી યુનિવર્સિટીમાં શું શું કરવામાં આવ્યું ?

ઉત્તર: ૧૦૭. કેન્દ્ર સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ઓનલાઈન પેમેન્ટની સુવિધા ઉભી કરવામાં આવી છે.

પ્રશ્ન: ૧૦૮. કેન્દ્ર સરકારની મેઈક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાની યોજના અંતર્ગત આપની યુનિવર્સિટીના કોઈ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહનરૂપ કયા કયા આયોજન કરવામાં આવેલ છે ?

ઉત્તર: ૧૦૮. ઉત્તર : ૨ મુજબ.

પ્રશ્ન: ૧૦૯. યુનિવર્સિટીમા કેશલેસ વ્યવસ્થા ઊભી કરીને વિદ્યાર્થીઓ ડેબીટ કે ક્રેડીટ કાર્ડ દ્વારા ફી ભરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરેલ છે ? આ વ્યવસ્થા અન્ય કઈ કઈ કોલેજોમાં પણ ચાલુ છે ?

(અ) કેશલેસ પધ્ધતિના અમલ માટે યુનિવર્સિટી દ્વારા કોઈ સ્વાઈપના મશીનો બેંક પાસેથી ખરીદેલા છે.

ઉત્તર: ૧૦૯. હા, જી. પ્રવેશ દરમ્યાન/ એડમીશન માટે ત્યારબાદ સીધેસીધું બેકમાં જણાવેલ ખાતામાં જમા કરાવવાની પણ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટે વ્યવસ્થા કરેલ છે.

(અ) બેંક દ્વારા સ્વાઈપ મશીન પૂરા પાડવામાં આવેલ છે.

પ્રશ્ન: ૧૧૦. બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યૂરલની મીટીગ અગાઉ કયારે કયારે થઈ છે તેની માહિતી આપવી ?

ઉત્તર: ૧૧૦. બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યૂરલની સભા તા. ૨૧/૦૨/૨૦૧૭ના રોજ મળી હતી.

પ્રશ્ન: ૧૧૧. યુનિવર્સિટીમાં નવા બનાવવામાં આવનાર સ્વીમીગ પુલ, (ઈન્ડોર ગેમ જીમ), એથ્લેટિક ટ્રેક કયારે પૂર્ણ થશે ? આ માટે હાલમાં કેટલી ગ્રાંટ વપરાયેલી અને કેટલી વણવપરાયેલી છે તેની માહિતી આપવી.

ઉત્તર: ૧૧૧. સ્વીમીગપુલની કામગીરી પૂર્ણતાને આરે છે. એથલેટીક ટ્રેકની કામગીરી અગામી ૦૬ માસમાં પૂર્ણ થવાની શકયતા છે.

વિગત	વપરાયેલ ગ્રાન્ટ		વણવપરાયેલ ગ્રાન્ટ	
	૨૦૧૬–૨૦૧૭	૨૦૧૭–૨૦૧૮	૨૦૧૬–૨૦૧૭	૨૦૧૭–૨૦૧૮
સ્વીમીગ પુલ (ઈન્ડોર ગેમ જીમ) અને એથ્લેટિક ટ્રેક	૭૩,૮૦,૭૫૬/–	૨,૨૭,૫૮,૭૭૭/–	–	૦/–

પ્રશ્નઃ ૧૧૨. અનુસ્નાતક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને સરકારી સિવાયની યુનિવર્સિટી તરફથી મળતી શિષ્યવૃત્તિ કઈ કઈ છે અને તેની ચુકવણી વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે કરવામાં આવેલ છે ?

ઉત્તરઃ ૧૧૨. (૧) મેરીટ કમ મિન્સ શિષ્યવૃત્તિ

(૨) પ્રોત્સાહન શિષ્યવૃત્તિ

(૩) ડોનર શિષ્યવૃત્તિ

(૪) તારાબેન નારણભાઈ પટેલ શિષ્યવૃત્તિ

ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને તેની ચૂકવણી કરવામાં આવેલ છે.

અનુસ્નાતક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને સરકારી સિવાયની યુનિવર્સિટી તરફથી મળતી મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ અને પ્રોત્સાહન શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ચાલુ વર્ષે મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ પેટે રૂા.૨,૧૦,૦૦૦/–ની ચૂકવણી કરવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૧૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬માં મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપવાના નિયમમા ડોનેશન લઈને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતા? વિદ્યાર્થી પાસેથી ડોનેશન લેનાર સામે કોઈ પગલા ભરવામાં આવ્યાં? મેનેજમેન્ટ કવોટા શા માટે બંધ કરવામાં આવ્યો ?

ઉત્તરઃ ૧૧૩. ના, જી. યુનિવર્સિટીને મળેલ ફરિયાદો અંતર્ગત સિન્ડિકેટે તેની તા. ૧૩/૦૮/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૪ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી મેનેજમેન્ટ કવોટા રદ કરેલ છે.

પ્રશ્નઃ ૧૧૪. R.T.I. એકટ અન્વયે કોઈપણ વ્યકિત કે વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીની આન્સરબુક માંગી શકે? જો જવાબ ના હોય તો કારણો આપવા ?

ઉત્તરઃ ૧૧૪. R.T.I. એકટ – ૨૦૦૫ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૧૫. યુનિવર્સિટીના મુખ્ય વહીવટી બિલ્ડીગ તથા પરીક્ષા વિભાગમાં મોબાઈલના નેટવર્ક હોતુ નથી તેમજ વાઈ–ફાઈ પણ ચાલતુ નથી તો તે માટેનુ કોઈ આયોજન છે કે કેમ તે જણાવો ?

ઉત્તરઃ ૧૧૫. – મોબાઈલ નેટવર્ક જે તે કંપનીના સીમ કાર્ડ પર આધાર રાખે છે.

– યુનિવર્સિટીમાં કેમ્પસ wi-fi નો કોન્સેપ્ટ છે. જે વિદ્યાર્થીના ઉપયોગ માટે બિલ્ડિંગની બહાર લગાવેલ છે.

– બિલ્ડિંગની અંદર wi-fi માટે Namo wi-fi નું ઇન્સ્ટોલેશન સરકારશ્રી દ્વારા ૧૫ ડિપાર્ટમેન્ટમાં કરેલ છે. વહીવટી બિલ્ડિંગ સહિતના બાકીના ૧૮ બિલ્ડિંગ માટે KCG ને ઇન્સ્ટોલેશન માટે ૦૮/૦૧/૨૦૧૮ ના રોજ પત્ર લખેલ છે.

પ્રશ્નઃ ૧૧૬. આચાર્યશ્રીઓના તાલીમ માટે યુનિવર્સિટી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કોઈ ખર્ચ કરેલ છે.

ઉત્તરઃ ૧૧૬. કોઈ ખર્ચ થયેલ નથી.

પ્રશ્ન: ૧૧૭. યુનિવર્સિટીના H.O.D. ની તાલીમ માટે યુનિવર્સિટી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કોઈ ખર્ચ કરેલ છે.

ઉત્તર: ૧૧૭. કોઈ ખર્ચ થયેલ નથી.

પ્રશ્ન: ૧૧૮. કુલપતિ દ્વારા આચાર્ય કે H.O.D. માટે આવનાર સમયમાં કોઈ ટ્રેનિંગ કે ડેવલોપમેન્ટની આયોજન કરવામાં આવનાર છે ?

ઉત્તર: ૧૧૮. યુનિવર્સિટીના ERP પ્રોજેકટ/ યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમ માટે આગામી સમયમાં તાલીમનું આયોજન કરવામાં આવશે.

પ્રશ્ન: ૧૧૯. ચાલુ શૈક્ષણિક વર્ષમાં કુલપતિશ્રીએ યુનિવર્સિટી સંલગ્ન આચાર્યા તેમજ ડિપાર્ટમેન્ટના H.O.D. સાથે કયારે કયારે મીટીગ કરેલ છે ? કયા એજન્ડા પર ચર્ચા કે મીટીગ કરી તેની માહિતી આપવી ?

ઉત્તર: ૧૧૯. ચાલુ શૈક્ષણિક વર્ષમાં કુલપતિશ્રીએ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના H.O.D સાથે તા.૧૧/૧૧/ ૨૦૧૭ના રોજ એક બેઠકનું આયોજન કરેલ હતું. જેમા શૈક્ષણિક કર્મચારીઓને કોન્ફરન્સ, સેમીનાર, વર્કશોપમાં જવા અંગે ગ્રાંટ ફાળવવા, રિસર્ચ પ્રોજેકટ માટે seed money ફાળવવા, નવા અભ્યાસક્રમો શરૂ કરવા તેમજ યુનિવર્સિટીના વિકાસ માટેના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ હતી.

પ્રશ્ન: ૧૨૦. યુનિવર્સિટીમાં ગર્લ્સ /બોયઝ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં કેટલીવાર હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યો છે ? અને કયારે કયારે?

ઉત્તર: ૧૨૦. – યુનિવર્સિટી હેલ્થ સેન્ટરમાં નીચે મુજબના મેડિકલ કેમ્પનું આયોજન યુનિવર્સિટી સ્ટાફ તથા તમામ વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમ્યાન પરિપત્ર દ્વારા બોયઝ/ગર્લ્સ હોસ્ટેલના વિદ્યાર્થીઓને જાણ કરી તેમની તપાસ કરાવાઈ છે.

No.	Date:	Camp
1.	08-12-2016	Eye Check-up Camp
2.	16-12-2016	Gynec Camp, Bone Density Check up, Diet and Nutrition with BMI Check up, Physiotherapy Camp
3.	28-12-2016	Eye Check up Camp
4.	23-08-2017	સ્વાઈન ફલૂ સામે રક્ષણ આપતી હોમીયોપેથી દવાના વિતરણનો કેમ્પ
5.	27-01-2018	Blood Donation camp (Sociology Department)
6.	01-02-2018	Eye Check up, Dental, Physio, Diet & Nutrition and General Check up camp
7.	02-02-2018	Eye Check up, Dental, Physio, Diet & Nutrition and General Check up camp
8.	23-02-2018	Blood Donation Camp (Law Deprt.&MRS Dept)

પ્રશ્નઃ ૧૨૧. યુનિવર્સિટીની ગર્લ્સ /બોયઝ હોસ્ટેલની સાફસફાઈ પેટે છેલ્લા પાંચ વર્ષમાં દરેક વર્ષ પ્રમાણે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

ઉત્તરઃ ૧૨૧. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૨૨. પ્રાધ્યાપકોની તાલીમ અને ટ્રેનીંગ માટે યુનિવર્સિટી દ્વારા કયા કયા પ્રકારના કાર્યક્રમો અને આયોજન કરવામાં આવેલ છે અને તેના માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે તેની માહિતી આપવી ?

ઉત્તરઃ ૧૨૨. યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આયોજીત સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપ, FDP, રિફ્રેશર કોર્સ, ઓરિયેન્ટેશન કોર્સ વગેરેમાં ઉપસ્થિત રહેવા માટે મંજૂરી આપવામાં આવે છે. તેમજ હાલમાં KCG દ્વારા આયોજીત IFDPમાં યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજોના ૩૦૦થી વધુ અધ્યાપકોએ ભાગ **લીધો** હતો.

પ્રશ્નઃ ૧૨૩. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદીન સુધીમાં વિદ્યાર્થીઓ પાસે ઉઘરાવાયેલી હેડ ઉપર કેટલી રકમ મળી છે ?

ઉત્તરઃ ૧૨૩. પ્રશ્ન અસ્પષ્ટ છે.

પ્રશ્નઃ ૧૨૪. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદીન સુધીમાં વિદ્યાર્થીઓ પાસે ઉઘરાવાયેલી યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ હેડ ઉપર કેટલી રકમ મળી છે ?

ઉત્તરઃ ૧૨૪. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદિન સુધીમાં વિદ્યાર્થીઓ પાસે ઉઘરાવાયેલી યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ હેડ ઉપર રૂા.૭,૩૦,૮૫૦/–ની રકમ મળી છે.

પ્રશ્નઃ ૧૨૫. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદિન સુધીમાં વિદ્યાર્થીઓ પાસે ઉઘરાવેલી યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ હેડ ઉપર કેટલી રકમ મળી છે ?

ઉત્તરઃ ૧૨૫. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદીન સુધીમાં વિદ્યાર્થીઓ પાસે ઉઘરાવેલી યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ હેડ ઉપર રૂા.૪૭,૫૪,૩૮૦/–ની રકમ મળી છે.

પ્રશ્નઃ ૧૨૬. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદિન સુધીમાં વિદ્યાર્થીઓ પાસે અને કોલેજો પાસેથી દંડ અને લેઈટ ફી પેટે કેટલી રકમ મળી છે ?

ઉત્તરઃ ૧૨૬.

ફંડ	દંડ	લેઈટ ફી
જનરલ	–	૧૦,૬૩,૧૮૫/–
પરીક્ષા	૩,૫૭,૫૬૦/–	૨૫,૧૨,૮૦૨/–
સી. ડી. એફ.	–	૨૧,૬૩,૬૮૦/–

પ્રશ્નઃ ૧૨૭. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદિન સુધીમાં વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફોર્મ ભરવામાં લેઈટ ફી પેટે કેટલી રકમ મળી છે ?

ઉત્તરઃ ૧૨૭. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજો માંથી ૧–૪–૧૭ થી આજદીન સુધીમાં વિદ્યાર્થીઓ અને કોલેજો પાસેથી મળી લેઈટ ફી પેટે કુલ રૂા.૨૫,૧૨,૮૦૨/– ની રકમ પરીક્ષા ફંડમાં જમા થયેલ છે.

પ્રશ્નઃ ૧૨૮. સ્થાનિક કક્ષાના શૈક્ષણિક કર્મચારીઓને કોઈપણ પ્રકારની કામગીરી પેટે દૈનિક ભથ્થું હાલમાં કેટલું આપવામાં આવે છે ? તેને વધારવાનું કોઈ આયોજન છે? રાજય સરકારના નિયમ મુજબ દૈનિક ભથ્થું કેટલુ આપવું જોઈએ ?

ઉત્તરઃ ૧૨૮. સ્થાનિક કક્ષાના શૈક્ષણિક કર્મચારીઓને કોઈપણ પ્રકારની કામગીરી પેટે દૈનિક ભથ્થું યુનિવર્સિટી દ્વારા નકકી કરેલ નિયમ મુજબ રૂા.૧૫૦/– આપવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૨૯. કોલેજના વહીવટી કર્મચારી કોઈપણ પ્રકારના કામ માટે યુનિવર્સિટીમાં કાયદેસરની મુલાકાત લેવા આવે ત્યારે શૈક્ષણિક કર્મચારી જેટલું દૈનિક ભથ્થું અને વાહનખર્ચ આપવામાં આવે છે ? આ પ્રકારનું ભથ્થું આપવાનું આયોજન છે ?

ઉત્તરઃ ૧૨૯. ના, જી. (નિયમ મુજબ ચૂકવવામાં આવે છે.).

પ્રશ્નઃ ૧૩૦. યુનિવર્સિટીના વહીવટી કર્મચારીને કોઈપણ પ્રકારના કામ માટે કોલેજોની કાયદેસરની મુલાકાત લેવા મોકલવામાં આવે ત્યારે શૈક્ષણિક કર્મચારી જેટલું દૈનિક ભથ્થું અને વાહનખર્ચ આપવામાં આવે છે? આ પ્રકારનું ભથ્થું આપવાનું આયોજન છે ?

ઉત્તરઃ ૧૩૦. ના, જી. (નિયમ મુજબ ચૂકવવામાં આવે છે.).

પ્રશ્નઃ ૧૩૧. કોલેજોમાં જોડાણ માટે મોકલવામાં આવતી LIC ના સભ્યોને મહેનતાણું આપવાનુ કોઈ આયોજન છે? હાલમાં કેટલું આપવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૩૧. (અ) નાજી

(બ) હાલમાં મહેનતાણું આપવામાં આવતું નથી.

પ્રશ્નઃ ૧૩૨. યુનિવર્સિટીના ચાલુ વર્ષે યોજાયેલ યુથ ફેસ્ટીવલમાં નાટકની લાઈટ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ હતો ?

ઉત્તરઃ ૧૩૨. યુનિવર્સિટીના ચાલુ વર્ષે યોજાયેલ યુથ ફેસ્ટીવલમાં નાટકની લાઈટ પાછળ ત્રણ દિવસ માટે રૂા. ૨૮,૪૮૭/– નો ખર્ચ કરવામાં આવેલ હતો.

પ્રશ્નઃ ૧૩૩. યુનિવર્સિટીમાં ઈલેકટ્રોનિકસ અને લાઈટના સાધનોની યોગ્ય જાળવણી થાય છે ? તેની વિગતવાર માહિતી આપવી ?તેની પાછળ થયેલ ખર્ચની માહિતી આપવી.

ઉત્તરઃ ૧૩૩. એરકન્ડિશન અને વોટરકુલર જેવા ઉપકરણો જયારે જયારે ખોટકાય ત્યારે રીપેરીગ કામ કરાવવામાં આવે છે. આની પાછળ અંદાજે રૂા. ૨,૭૮,૫૧૦/– નો ખર્ચ થયેલ છે.

પ્રશ્નઃ ૧૩૪. યુનિવર્સિટીને રૂષા ગ્રાન્ટ હેઠળ રમત–ગમતના સાધનોની ખરીદીની ગ્રાન્ટ વપરાયેલી કેટલી ?તેમાંથી શું શું ખરીદવામાં આવ્યું? અને વણવપરાયેલી ગ્રાન્ટ કેટલી? વણવપરાયેલી ગ્રાન્ટના કારણો આપો ?

ઉત્તરઃ ૧૩૪. રૂસા ગ્રાન્ટની વણવપરાયેલી ગ્રાન્ટમાંથી સ્પોર્ટસ **Equipment** ખરીદવા માટેની બાબત નાણાં સમિતિની મંજૂરી માટે મુકવામાં આવી છે.

પ્રશ્નઃ ૧૩૫. યુનિવર્સિટીની તમામ રમતોમાં આવતા નિણાર્યકો /અમ્પાયરોનાં દૈનિક વેતન વધારવાનું કોઈ આયોજન છે?

ઉત્તરઃ ૧૩૫. સમયાંતરે વેતન વધારવાની કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૩૬. ઈન્ટર યુનિવર્સિટીની રમતોમાં મદદ કરવા સાથે જતા લોકલ યુનિવર્સિટીના વ્યાખ્યાતાઓને અને વહીવટી કર્મચારીઓને તમામનું ડેઈલી ભથ્થું તથા તેનું મહેનતાણું કેટલુ આપે છે? તેઓનું ડેઈલી ભથ્થું તથા મહેનતાણું વધારવાનું કોઈ આયોજન છે?

ઉત્તરઃ ૧૩૬. આંતર યુનિવર્સિટી રમવા જતા ખેલાડીઓ સાથે યુનિવર્સિટીના વ્યાખ્યાતાઓને અને કર્મચારીઓને રોજના રૂા. ૭૦૦/– આપવામાં આવે છે. હાલમાં વેતન વધારવા અંગેની વિચારણા ચાલી રહી છે.

પ્રશ્નઃ ૧૩૭. આપણી યુનિવર્સિટી ૨૫ વર્ષ પછી ક્રિકેટમાં ચેમ્પીયન થયેલ હોય ટીમના ખેલાડીઓને વિશેષ આર્થિક પુરસ્કાર આપવાનો કોઈ ઠરાવ થયેલ છે? વિશેષ સહાય કોઈ આપેલ છે? આપવાનું કોઈ આયોજન છે ?

ઉત્તરઃ ૧૩૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ૨૫ વર્ષ પછી ક્રિકેટ (ભાઈઓ) ની ટીમ ઓલ ઈન્ડિયા કક્ષાએ ચેમ્પીયન થયેલ છે જેને આર્થિક પુરસ્કાર આપવા માટે ડૉ.કે. એન.ચાવડા, ચેરમેન, બોર્ડ ઓફ સ્પોર્ટસએ સિન્ડિકેટમાં પત્ર લખેલ છે. વિશેષમાં આંતર યુનિવર્સિટી કક્ષાએ વર્લ્ડકક્ષાએ સિધ્ધિ પ્રાપ્ત કરનારને આર્થિક પુરસ્કાર યુનિવર્સિટીની સિન્ડિકેટના ઠરાવ મુજબ આપવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૩૮. આપણી યુનિવર્સિટી ૨૦ વર્ષ પછી યુવક મહોત્સવમા ક્રમ મેળવેલ હોય તેમને પણ કોઈ વિશેષ પુરસ્કાર આપવાનુ આયોજન કરેલ છે ?

ઉત્તરઃ ૧૩૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ૨૦ વર્ષ પછી યુવક મહોત્સવમાં વેસ્ટ ઝોન ઓલ ઈન્ડિયા કક્ષાએ પ્રથમ આવેલ હોય તેને કોઈ વિશેષ પુરસ્કાર જુદી– જુદી રમતોમાં જે રીતે ઓલ ઇન્ડિયામાં પ્રથમ આવનારને જે પુરસ્કાર આપવામાં આવે છે તે રીતે જ યુવક મહોત્સવમાં આપવામાં આવશે.

પ્રશ્ન: ૧૩૯. યુ.જી. તથા પી.જી.માં કઈ કઈ કેટલી કેટલી ફી યુનિવર્સિટીમાં કોલેજોએ જમા કરાવવાનું હોય છે? વિદ્યાર્થીઓ કયા કયા હેડને આધારે યુનિવર્સિટીની ફી કોલેજમાં જમા કરાવે છે ?

ઉત્તર: ૧૩૯. યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રો દ્વારા અનુસ્નાતક અભ્યાસમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સત્ર દીઠ નીચે મુજબની ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહે છે.

ક્રમ	**ફીની વિગત**	**યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ અને યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી**
૧	**શિક્ષણ ફી (ફકત છોકરાઓની)** વિનયન, વાણિજ્ય વિદ્યાશાખા	રૂા.૧,૪૦૦ /–
	ગ્રામ અભ્યાસ/શિક્ષણ વિદ્યાશાખા/કાનૂન વિદ્યાશાખા	રૂા.૧,૦૦૦ /–
	વિજ્ઞાન વિદ્યાશાખા	રૂા.૨,૫૦૦ /–
૨	**હાયર ફી** એમ.એ./ એમ.કોમ./ એલએલ.એમ.	રૂા.૪,૦૦૦/–
	એમ.એસસી. (કેમેસ્ટ્રી / બોટની /ઈલેકટ્રોનિકસ)	રૂા.૧૨,૫૦૦/–
	એમ.એસસી. (ફીઝિકસ)	રૂા.૧૫,૦૦૦/–
૩	**યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ ફી**	રૂા.૫૦ /–
૪	**યુનિવર્સિટી સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ એકટીવીટીઝ ફી**	રૂા.૨૦ /–
૫	**યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ડેવલપમેન્ટ ફી**	રૂા.૨૦ /–

– યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ મુજબ કોલેજોએ જોડાણ અરજી ફી તથા સ્વનિર્ભર કોલેજોએ વાર્ષિક વિદ્યાર્થી દીઠ એફીલિયેશન ફી જમા કરાવે છે.

– યુજી તથા પીજીની પરીક્ષા ફી ની માહિતી **પરિશિષ્ટ : ' ૨૧ '** તરીકે સામેલ છે.

(પરિશિષ્ટ : ' ૨૧ ')

પ્રશ્ન: ૧૪૦. પરીક્ષા વિભાગ દ્વારા તમામ પદવીના પરીણામ જાહેર થયા બાદ તેની રીઝલ્ટની કોપી PDF ફાઈલ દ્વારા કોમ્પ્યુટર દ્વારા ઈમેઈલથી કોલેજો મોકલવાનું કોઈ આયોજન છે ?

ઉત્તર: ૧૪૦. કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન: ૧૪૧. વિદ્યાર્થીની માર્કશીટમાં યુનિવર્સિટીના કારણે કોઈ ભુલ થયેલ હોય તો તે માર્કશીટમા ભુલ સુધારવા માટે કોઈ ફી લેવામાં આવે છે ? કેટલી લેવામાં આવે છે ?

(અ) યુનિવર્સિટીની ભુલ સુધારવા માટે વિદ્યાર્થી પોતાની માર્કશીટ લઈને આવે ત્યારે સુધારેલ માર્કશીટ પર ડુપ્લીકેટનો સિક્કો મારવામાં આવે છે કે કેમ? આ અંગે સત્તામંડળમાં કોઈ નિયમ બનાવેલ હોય તો તેની નકલ આપશો ?

ઉત્તર: ૧૪૧. વિદ્યાર્થીઓ દ્વારા માર્કશીટમાં ભૂલ હોઈ ત્યારે તેઓ યુનિવર્સિટીથી મોકલેલ તારીખથી ૬ માસની અંદર જો નામ ને સંબંધિત ભૂલ હોય તો વિના મૂલ્યે સુધારો કરી નવી માર્કશીટ આપવામાં આવે છે. અન્ય કિસ્સામાં ૨૦૦ રૂપિયો ફી ભરી ડુપ્લીકેટ સિકકો મારી માર્કશીટ આપવામાં આવે છે. આ અંગે સિન્ડિકેટ બાબત ક્રમાંક : ૬, તા.૨૪–૯–૨૦૦૮ પરિપત્ર ક્રમાંક : પરીક્ષા/માર્કશીટ/ ૧૦૩૮૨/૦૮, તા.૧૭–૧૧–૨૦૦૮થી વસુલવામાં આવે છે.

પ્રશ્ન: ૧૪૨. યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ ડિપાર્ટમેન્ટોના વિસ્તરણ, નિર્માણ તેમજ રીપેરીંગ અંગે યુ.જી.સી. તરફથી કેટલું ફંડ આપવામાં આવે છે, આ ફંડ વહેંચણી વિવિધ ડિપાર્ટમેન્ટોને કેવી રીતે કરવામાં આવે છે? આ ફંડની વહેંચણી પ્રમાણે નવા નિર્મિત, વિસ્તરણ તેમજ રીપેર થયેલ વિભાગના નામો તેમજ તેમા કરેલ ખર્ચ સહિતની માહિતી આપશો ?

ઉત્તર: ૧૪૨. માહિતી આ સાથે **પરિશિષ્ટ : ' ૨૨ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટ : ' ૨૨ ')**

પ્રશ્ન: ૧૪૩. યુનિવર્સિટીને યુ.જી.સી. દ્વારા તેમજ અન્ય ગ્રાન્ટો વિભાગના ડેવલોપમેન્ટ તેમજ સાધન સામગ્રી (Equipement) ખરીદવા મળે છે. તેની વહેંચણી વિભાગોને કયા નિયમો કે ધારા ધોરણોને આધિન કરવામાં આવે છે તે જણાવશો ? તેમજ યુ.જી.સી. તેમજ અન્ય ગ્રાન્ટોમાંથી આવેલ ફંડની આજદિન સુધી કરેલ વહેંચણી અને વિભાગ દ્વારા ફાળવેલ ફંડ સામે કરેલ ખર્ચની વિગતવાર માહિતી આપવી ? જે–તે વિભાગને ફાળવેલ ફંડનો સંપૂર્ણ ઉપયોગ ન થતો હોય તો તેના કારણો આપવા ?

ઉત્તર: ૧૪૩. યુનિવર્સિટીને યુજીસી/ RUSA દ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટની ફાળવણી સિન્ડિકેટ દ્વારા નિયુકત ગ્રાંટ યુટીલાઈઝેશન કમીટીના ઠરાવ અંતર્ગત વિભાગીય વડાશ્રીઓની ભલામણ મુજબ કરવામાં આવે છે, જે ગ્રાંટનો વપરાશ ઓર્ડીનન્સ –૩૬ થી કરવામાં આવેલ જોગવાઈ અંતર્ગત કવોટેશનો/ ટેન્ડરો મંગાવી નાણાંસમિતિની ભલામણ અંતર્ગત સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર જે તે પાર્ટીને ઓર્ડર આપવામાં આવે છે. UGC XII Plan તથા RUSA દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટના વપરાશની માહિતી સભાના સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૪૪. યુનિવર્સિટી કેમ્પસમાં કુલ કેટલી ગર્લ્સ તેમજ બોયઝ હોસ્ટેલો આવેલ છે ? આ હોસ્ટેલોમાં દર વર્ષે / સેમેસ્ટરદીઠ યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ વિભાગદીઠ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને પ્રવેશ કેવી રીતે આપવામાં આવે છે તેની માહિતી તેમજ આ વિદ્યાર્થીઓને મેસની જે સુવિધા પૂરી પાડવામાં આવે છે તેની માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૧૪૪. ગર્લ્સ હોસ્ટેલની માહિતી નીચે મુજબ છે.

૧ . યુનિવર્સિટી કેમ્પસમાં કુલ ૬ ગર્લ્સ હોસ્ટેલ આવેલી છે. (તાપી,નર્મદા,અંબિકા,પૂર્ણા,સરસ્વતી,કાવેરી).

૨. યુનિ.ખાતે આવેલ ગર્લ્સ હોસ્ટેલમાં વિવિધ ભવનોમાં પ્રવેશ ક્રિયા બાદ હોસ્ટેલમાં પ્રવેશ આપવાની શરૂઆત કરવામાં આવે છે.

૩ . પ્રથમ સત્રની ફી- ૨૪૦૦/-રૂ. બીજા સત્રની ફી -૧૯૦૦/-રૂ. જેમાં ૫૦૦/- રૂ.ડિપોઝીટ રહે છે.

૪. પ્રથમ સત્રની સેલ્ફ ફાઇનાન્સ વિભાગની ફી- ૩૮૦૦/- રૂ. બીજા સત્રની ફી ૨૮૦૦/- રૂ. જેમાં ૧૦૦૦/- રૂ.ડિપોઝીટ રહે છે.

૫. વિદ્યાર્થીનિઓને હોસ્ટેલમાં પ્રવેશ તેણી કેટલા દૂરથી આવે છે? અને કેટેગરીને ધ્યાનમાં લેવામાં આવે છે. લગભગ તમામને પ્રવેશ મળે તે રીતનું આયોજન કરવામાં આવે છે.

૬. વિદ્યાથીનિઓને મેસમાં સવારે અને બપોરે ચા-દૂધ,સવારનું ભોજન અને સાંજનું ભોજન મળે છે. એક ગુરૂવારે ફ્રિસ્ટ હોય છે. અને એક ગુરૂવારે ચેન્જ આપવામાં આવે છે.

બોયઝ હોસ્ટેલની માહિતી નીચે મુજબ છે.

યુનિવર્સિટી કેમ્પસમાં કુલ ૦૫ (ગિરનાર,સાતપુડા,સહયાદ્રી,શંત્રુજય અને વિંધ્યાચલ) બોયઝ હોસ્ટેલો આવેલ છે. આ હોસ્ટેલોમાં દર સેમેસ્ટર દીઠ યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ વિભાગ વિધાર્થીઓનાં પ્રવેશનાં ફોર્મ આવે છે. હોસ્ટેલ વોર્ડનની મિટીગમાં યુનિવર્સિટીએ નકકી નિયમોનુસાર પ્રવેશ ફાળવવામાં આવે છે. બોયઝ હોસ્ટેલમાં વસવાટ કરતા વિધાર્થીઓને મેસની સુવિધા પૂરી પાડવામાં આવે છે.મેસમાં વિધાર્થીદીઠ માસિક રૂા.૨૦૦૦/– લેવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૪૫. યુનિવર્સિટીમાં કુલ કેટલા કર્મચારીઓને નિવૃત્તિબાદની મળવાપાત્ર રકમ તથા મળવાપાત્ર પેંશનની રકમ બંધાયેલ નથી ?

(અ) યુનિવર્સિટીમાં કુલ કેટલા કર્મચારીઓને કયા કયા કારણોસર ઉચ્ચતર પગાર ધોરણોના લાભો પણ આપવામાં આવેલ નથી ?

(બ) કર્મચારીઓના ઉચ્ચતર પગારધોરણ મંજુર કરાવવા કયા કયા પગલા લેવામાં આવેલ છે ?

ઉત્તરઃ ૧૪૫. યુનિવર્સિટીમાં કુલ ૪ (ચાર) કર્મચારીઓને નિવૃત્તિ બાદની મળવાપાત્ર રકમ તથા મળવાપાત્ર પેંશનની રકમ બંધાયેલ નથી.

(અ) સરકારશ્રી સાથે પત્ર વ્યવહાર ચાલુ છે.

(બ) યુનિવર્સિટી તરફથી વખતો વખત સરકારશ્રીનાં વિવિધ વિભાગોમાં ઉચ્ચત્તર પગાર ધોરણ માટે દરખાસ્તો કરવામાં આવી છે.

પ્રશ્નઃ ૧૪૬. ગુજરાત સરકારશ્રીના નિયમો મુજબ કર્મચારીઓનું સિનિયોરીટી લીસ્ટ દર વર્ષે બહાર પાડવાનું હોય છે પરંતુ છેલ્લા ૩ વર્ષથી કયા કારણોસર તેમ કરવામાં આવેલ નથી ?

ઉત્તરઃ ૧૪૬. રાજય સરકારશ્રી તરફથી પાછલી અસરથી બહાર પાડવામાં આવેલ પગારધોરણોનાં ઠરાવને લઈને ખાલી પડેલ જગ્યાઓ માટે પુનઃ દરખાસ્ત કરવાને કારણે જે તે સંવર્ગની વધ–ઘટ નકકી કરવાની હોય, તેમને રાજય સરકારશ્રી તરફથી વખતો વખત કરાર આધારે કર્મચારીઓની સિનિયોરીટી બાબતે અનુભવોને કારણે બહાર પાડવામાં આવતાં ઠરાવો ને લઈને સિનિયોરીટી લીસ્ટ અંગે સમિતિની રચના કરવામાં આવી છે.

પ્રશ્નઃ ૧૪૭. વી.ન.દ.ગુ.યુ.ના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવથી છઠ્ઠા પગારપંચનો લાભ મેળવનાર કુલ ૩૧૦ કર્મચારીઓની વિવિધ જગ્યાઓની સામે સાતમા પગારપંચમાં કુલ કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી ?અત્યારે કુલ કેટલી જગ્યાઓ કઈ કઈ કેડરમાં ખાલી છે ?

(અ) સાતમા પગારપંચમાં રદ થયેલ અલગ અલગ સંવર્ગની જગ્યાઓને નવેસરથી મેળવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(બ) વહીવટી કર્મચારીઓને ખાલી પડેલી જગ્યાઓ પર કયા કારણોસર નિયમિત બઢતી આપવામાં આવી નથી ? સમયસર બઢતી નહી આપવા માટે જવાબદાર કોણ છે ?

(ક) બઢતીના અભાવે કર્મચારીઓના દરેક સંવર્ગમાં થતા નુકશાન અટકાવવા કયા પગલા લીધા ?

ઉત્તરઃ ૧૪૭. સાતમા પગાર પંચના ઠરાવથી ૧૭૫ જગ્યાઓની મંજૂરી આપવામાં આવી છે.૧૬૨ વહીવટી જગ્યાઓ ખાલી છે.

(અ) રદ થયેલ જગ્યા માટે દરખાસ્ત કરવામાં આવી છે.

(બ) બઢતી અંગેની કાર્યવાહી ચાલે છે.

(ક) સમિતિની રચના કરવામાં આવી છે.

પ્રશ્નઃ ૧૪૮. યુનિવર્સિટીમાં કાયમી કર્મચારી સિવાય કુલ કેટલા કર્મચારીઓને EPF નો લાભ આપવામાં આવ્યો છે ? જેમા યુનિવર્સિટીએ કુલ કેટલી રકમની ચુકવણી અત્યાર સુધી EPF માં કરવામાં આવી?

(અ) એડહોક કર્મચારી સિવાયના રોજમદાર કર્મચારીઓને કયા કારણોસર EPF નો લાભ આપવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૪૮. યુનિવર્સિટીમાં કાયમી કર્મચારી સિવાય કુલ ૫૧૭ કર્મચારીઓને EPF નો લાભ આપવામાં આવ્યો છે. યુનિવર્સિટીમાં કાયમી કર્મચારી સિવાયના કર્મચારીઓના EPF માટે કુલ રૂા.૮૧,૬૩,૬૬૪/– (મે–૨૦૧૭ થી જાન્યુ–૨૦૧૮) ની ચૂકવણી અત્યાર સુધી કરવામાં આવેલ છે.

માસ	CDF& SFI	Exam	Total
	રકમ	રકમ	રકમ
May-2017	**૧૦,૨૮,૧૪૨/-**		**૧૦,૨૮,૧૪૨/-**
June, July, Aug-2017	૧૭,૧૭,૨૫૩/-	૯,૦૮,૬૦૬/-	**૨૬,૨૫,૮૫૯/-**
Sep-2017	૬,૦૫,૨૪૦/-	૨,૧૮,૫૩૨/-	**૮,૨૩,૭૭૨/-**
Oct-2017	૬,૧૫,૩૪૭/-	૨,૪૪,૭૯૨/-	**૮,૬૦,૧૩૯/-**
Nov-2017	૫,૯૩,૭૦૫/-	૩,૦૦,૦૯૨/-	**૮,૯૩,૭૯૭/-**
Dec-2017	૫,૯૫,૮૦૮/-	૩,૩૪,૮૮૯/-	**૯,૩૦,૬૯૭/-**
Jan-2018	૬,૭૮,૪૮૧/-	૩,૨૨,૭૭૭/-	**૧૦,૦૧,૨૫૮/-**

પ્રશ્ન: ૧૪૯. હાલમાં યુનિવર્સિટીએ કરેલ રેટ કોન્ટ્રાકટરની વિગતો આપો ? અગામી સમયમા બીજા કેટલા રેટ કોન્ટ્રાકટ કરવામા આવનાર છે તે જણાવો ?

ઉત્તર: ૧૪૯. હાલમાં યુનિવર્સિટીમાં કરવામાં આવેલ રેટ કોન્ટ્રાકટની વિગતો નીચે પ્રમાણે છે.

- યુનિવર્સિટીની જાહેરખબરો પ્રસિધ્ધ કરવા એડવર્ટાઈઝીંગ એજન્ટની નિમણૂંક અંગે.
- વપરાયેલી ઉત્તરવહીઓ તેમજ પડતર જૂના પ્રશ્નપત્રોના પસ્તીનો નિકાલ કરવા અંગે.
- યુનિવર્સિટી વિવિધ રિસર્ચ જર્નલ્સનું છાપકામ અંગે.
- લેખનસામગ્રી ખરીદવા અંગે.
- યુનિવર્સિટીના ઉપયોગ માટે વિવિધ સાઈઝના કવરોનું છાપકામ કરવા અંગે.
- પ્રિન્ટરોની ટોનર રીફીલીંગ તથા સ્પેર પાર્ટસ અંગે વાર્ષિક રેટ કોન્ટ્રાકટ.
- યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓની પદવીઓના પ્રમાણપત્રો તથા કવરોના છાપકામ અંગે.
- Printing / Supply of Answerbooks and Stickers for Answerbook.
- Printing / Supply of Marksheet with Security Features.
- Face Recognition Attendance Machine નો વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ (AMC).
- Canon Copier મશીનનો વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ (AMC).
- TOSHIBA-E-255/455 મશીનનો વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ (AMC).
- Canon Copier Machine માટે ટોનર ખરીદવા અંગે.
- Konica Minolta Digital Multifunction Copier Machine નો વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ (AMC).
- Konica Minolta Digital Multifunction Copier Machine ના ટોનર ખરીદવા અંગે.
- Courier .

આગામી સમય માટે ઉપરોકત મુજબના બધાજ રેટ કોન્ટ્રાકટ કરવામાં આવનાર છે.

હાલ એન્ટીવાઈરસ માટે **e-set** એન્ટીવાઈરસ સાથે રેટ કોન્ટ્રાકટ કરવામાં આવેલ છે.

પ્રશ્ન: ૧૫૦. છેલ્લા ૫ વર્ષમા ટીચીંગના કર્મચારીઓને કયા કયા વહીવટી કામો કયા કારણોસર સોંપવામાં આવેલ છે. તેની વિગતવાર માહિતી જણાવો ? જેની પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે તે જણાવો.

ઉત્તર: ૧૫૦. પ્રશ્ન અસ્પષ્ટ છે.

પ્રશ્ન: ૧૫૧. વી.ન.દ.ગુ.યુ.ના વિવિધ વિભાગો, ભવનોમાં કુલ કેટલા એડહોક, રોજમદાર, નિવૃત્ત કર્મચારીઓ કામ કરે છે વિગતવાર જણાવો ? તેમને મળતા પગારની માહિતી આપો ? છેલ્લા ૫ વર્ષમાં તેમના પગાર પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

ઉત્તર: ૧૫૧. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૫૨. યુનિવર્સિટીમાં કોને કોને મોબાઈલ ફોનની સુવિધા આપેલ છે તેમનું મોબાઈલ ફોનનું બીલ કેટલું ચુકવવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૫૨. યુનિવર્સિટીમાં મા. કુલપતિશ્રી, મા. ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રીને મોબાઈલ ફોનની સુવિધા આપવામાં આવેલ છે અને કુલ વપરાશનું બિલ ચૂકવવામાં આવે છે તથા વહીવટી અધિકારીઓને મોબાઈલ ફોનની સુવિધા આપેલ છે તેમનું મોબાઈલ ફોનનું બિલ માસિક રૂા. ૬૦૦/– ની મર્યાદામાં ચૂકવવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૫૩. યુનિવર્સિટીમાં કુલ કેટલા પ્લેસમેન્ટ ઓફિસરની નિમણુંક કરવામાં આવેલ છે ? છેલ્લા ૫ વર્ષમાં પ્લેસમેન્ટ ઓફિસર દ્વારા કેટલા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવામાં આવ્યું ?

ઉત્તરઃ ૧૫૩. ડી. બી. આઈ. એમ. ખાતે ફુલ ટાઈમ પ્લેસમેન્ટ ઓફિસરની નિમણૂંક કરવામાં આવી છે.અને વિભાગ ખાતે છેલ્લા પાંચ વર્ષમાં પ્લેસમેન્ટ પ્લેસમેન્ટ ઓફિસર દ્વારા આપવામાં આવેલ છે, જેની માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૫૪. યુનિવર્સિટીમાં બેકિંગ કામ માટે કેમ્પસમાં રહેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કામગીરી કરવામા આવતી હોય તેમ છતાં અન્ય બેંકોને શા માટે બેકિંગ કામગીરી આપવામાં આવે છે? અને તે પેટે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૫૪. Statute : 36 (2) (i) (b) મુજબ.

પ્રશ્નઃ ૧૫૫. છેલ્લા ૫ વર્ષમાં રાજભવન કાર્યાલય તેમજ મુખ્યમંત્રી કાર્યાલયમાંથી યુનિવર્સિટીની કુલ કેટલી ફરિયાદો મોકલવામાં આવેલી છે ? તે અંગે કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે ?

ઉત્તરઃ ૧૫૫. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૫૬. યુનિવર્સિટીના છેલ્લા ૫ વર્ષના કુલ બજેટના આંકડા આપવા ?

(અ) છેલ્લા ૫ વર્ષના કુલ બજેટની સામે ખરેખર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(બ) છેલ્લા ૫ વર્ષના કુલ બજેટની સામે કુલ કેટલી રકમ વપરાયા વિના રહેલી છે ?

(ક) છેલ્લા ૫ વર્ષના બજેટની રકમને હેતુફેર કરીને વાપરવામાં આવેલી છે ? જો હા તો તેની કુલ રકમ તથા કયાં ખર્ચ કરેલ છે તે જણાવો ?

ઉત્તરઃ ૧૫૬. માહિતી **પરિશિષ્ટ : ' ૨૩ '** તરીકે સામેલ છે.

છેલ્લા ૫ વર્ષના બજેટની રકમને હેતુફેર કરીને વાપરવામાં આવેલ નથી.

(પરિશિષ્ટ : ' ૨૩ ')

પ્રશ્નઃ ૧૫૭. છેલ્લા ૫ વર્ષમાં નીચે મુજબના ખર્ચાઓની કરેલ ચુકવણીની રકમ વર્ષવાર જણાવશો ?

(A) લાઈટબીલ તેમજ ફોનબીલ

(B) જાહેરાત

(C) પ્રિન્ટીગ

(D) સિકયુરીટી

(E) સફાઈ કામગીરી

(F) ઓડિટ

(G) યુનિવર્સિટીમાં થતી વિવિધ મીટીગો, પરીક્ષાની કામગીરી વગેરે પાછળના ભથ્થા.

ઉત્તરઃ ૧૫૭. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૫૮. યુનિવર્સિટી કે કોલેજમા ફરજ બજાવતા વહીવટી કર્મચારી કે શૈક્ષણિક કર્મચારી ફરજ દરમિયાન અવસાન પામે ત્યારે યુનિવર્સિટી દ્વારા કોઈ આર્થિક મદદ કરવામા આવે છે? વહીવટી કર્મચારીના ફરજ પર અવસાન થાય તેવા સંજોગોમાં તેના વારસદારને નોકરી પર રાખી શકાય તેવું કોઈ નિયમ હાલ છે? આ અંગે કોઈ આયોજન કે નિયમ બનાવવાનું હાલ વિચારણા હેઠળ છે?

ઉત્તરઃ ૧૫૮. – યુનિવર્સિટી કે કોલેજમાં ફરજ બજાવતાં વહીવટી કર્મચારીને રૂા.૨૫૦૦/– આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

– ના,જી.

– ના, જી.

પ્રશ્નઃ ૧૫૯. છેલ્લા ૫ વર્ષમાં એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે સ્નાતક કક્ષોએ બી.કોમ, બી.એ. તથા અનુસ્નાતક કક્ષાએ એમ.કોમ., એમ.એ. માં કેટલા વિદ્યાર્થીઓ દ્વારા ફી ભરવામાં આવી ? રકમ જણાવો ?

ઉત્તરઃ ૧૫૯.

વર્ષ	રકમ
૨૦૧૬-૨૦૧૭	૬,૨૩,૭૯,૩૦૬/-
૨૦૧૫-૨૦૧૬	૬,૭૧,૫૪,૮૦૦/-
૨૦૧૪-૨૦૧૫	૬,૪૮,૦૪,૨૧૫/-
૨૦૧૩-૨૦૧૪	૬,૬૦,૯૦,૯૫૫/-
૨૦૧૨-૨૦૧૩	૬,૦૦,૦૯,૨૦૦/-

પ્રશ્નઃ ૧૬૦. હાલમાં યુનિવર્સિટીએ કરેલા કેટલા MOU અસ્તિત્વ ધરાવે છે ? કયા કયા ?

ઉત્તરઃ ૧૬૦. ૧. પંજાબી સમાજ સુરત તરફથી લાયબ્રેરી હોલ બાંધકામ માટે તા.૨૮–૦૪–૨૦૧૨ થી MOU કરેલ છે.

૨. ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ, સુરત રેન્જ સાથે તા.૦૭–૦૧–૨૦૧૭ થી MOU કરેલ છે.

૩. Digital Depositories ની સેવા માટે તા.૧૦–૦૧–૨૦૧૭ થી National Academic Depositories (NAD)**ની** CDCL Ventures Ltd. Ahemdabad સાથે ૧૦–૦૧–૨૦૧૭ થી MOU કરેલ છે.

૪. ઓશો લોટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ સાથે તા.૨૭–૪–૨૦૧૭ થી MOU કરેલ છે.

૫. SRK Knowledge Foundation સાથે મેરેટોરીયસ વિદ્યાથીઓના પી.એચ.ડી. / સંશોધન કાર્ય માટે શિષ્યવૃત્તિ આપવા અંગે સિન્ડિકેટની તા.૨૨–૦૯–૨૦૧૭ ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૨૩ થી મંજુર કરેલ છે.

૬. MKCL સાથે તા. ૨૯/૦૮/૨૦૧૬ થી MOU કરેલ છે.

૭. યુનિવર્સિટી ગ્રંથાલય–૧.શોધગંગા પ્રોજેકટ અંતર્ગત યુનિવર્સિટી ધ્વારા ઈનફલીબનેટ, ગાંધીનગરના તા.૧૯–૮–૨૦૧૫ના પત્રથી MOU કરવામાં આવેલ છે.

પ્રશ્નઃ ૧૬૧. હાલમાં યુનિવર્સિટીના કુલ કેટલા લીગલ કેસો કોર્ટમાં ચાલે છે? છેલ્લા ૫ વર્ષમાં લીગલ ફી કેટલી ચૂકવવામાં આવી? આ કેસોમાંથી યુનિવર્સિટીની તરફેણમાં કેટલા ચૂકાદા આવ્યાં અને વિરૂધ્ધમાં ચૂકાદા કેટલા આવ્યાં તે જણાવશો ?

ઉત્તરઃ ૧૬૧. નામદાર હાઈકોર્ટમાં યુનિવર્સિટી કુલ ૧૨ કેસ ચાલે છે. નામદાર ટ્રિબ્યુનલમાં કુલ ૮ કેસ ચાલે છે. અને સિવિલ કોર્ટમાં ૧ કેસ ચાલે છે. બધા મળીને કુલ ૨૧ (એકવીસ) કેસ ચાલે છે. તેમજ ૫૩ કેસનો નિકાલ થયેલ છે.

પ્રશ્નઃ ૧૬૨. તા.૨૫/૦૨/૨૦૧૮ના રોજ સુરતમા યોજાયેલ રન ફોર ન્યુ ઈન્ડિયામાં ભાગ લેવા માટે યુનિવર્સિટી દ્વારા કોલેજોને કોઈ પરિપત્ર કરવામાં આવ્યો હતો ?

(અ) રન ફોર ન્યુ ઈન્ડિયા કાર્યક્રમ સરકારી હતો કે ખાનગી ?

(બ) વિદ્યાર્થીઓને સરકારી કાર્યક્રમમા હાજર રહેવા માટે ફરજ પાડી શકાય ?

(ક) ખાનગી કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને હાજર રાખવા માટે યુનિવર્સિટી કે કોલેજ ફરજ પાડી શકે ?

ઉત્તરઃ ૧૬૨. સુરતની સ્થાનિક કોલેજો અને યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનમાં રન ફોર ન્યુ ઈન્ડિયાનો પરિપત્ર કરવામાં આવ્યો હતો. જેથી વધારેમાં વધારે વિદ્યાર્થીઓ ભાગ લે અને તેઓની ફિટનેસ જળવાઈ રહે.ઉપરોકત સ્પર્ધામાં ભાગ લેવાનું સ્વૈચ્છિક હતું.

પ્રશ્નઃ ૧૬૩. કમ્પ્યૂટર સાયન્સ ભવનના હોલનુ ભાડુ કેટલુ છે? આ હોલ વિના મૂલ્યે આપવાની સત્તા કોની છે ? રાજકીય પાર્ટીને યુનિવર્સિટીના હોલ વિના મૂલ્યે ભાડે આપી શકાય ?

ઉત્તરઃ ૧૬૩. – કોમ્પ્યૂટર સાયન્સ ભવનના હોલને ભાડે આપવામાં આવતો નથી.

– વિના મૂલ્યે આપવાની પ્રથા નથી.

– Statute : 36 (2) (i) (c) મુજબ.

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ –૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે સને ૨૦૧૬–૨૦૧૭ના વર્ષનો ૫૧મો વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ અંગે યુનિવર્સિટી ધારાના SECTION -18(1) (XI) to consider and pass resolution on the annual reports, annual accounts and financial estimates અન્વયે કાર્યવાહી કરવા બાબત.

સિન્ડિકેટ તરફથી ડૉ.રાકેશ એન. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.

''વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ –૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો સને ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષનો ૫૧મો વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટીના ધારાની કલમ –૧૮(૧) ની પેટા કલમ–(૧૧) અન્વયે, રજૂ કરવામાં આવે છે.''

:: **પ્રસ્તુત અહેવાલ મંજૂર કરવામાં આવ્યો હતો.**

૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટયુટ–૯૭ અન્વયે, તૈયાર કરી રજૂ કરેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૭–૨૦૧૮નું સુધારેલું તથા સને ૨૦૧૮–૧૯નાં અંદાજપત્ર ૫૨ વિચારણા કરી મંજુર કરવા બાબત....

<u>સિન્ડિકેટ તરફથી આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશીએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.</u>

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧)ની પેટા કલમ – (૧૧) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સને ૨૦૧૭–૨૦૧૮નું સુધારેલ તથા સને ૨૦૧૮–૨૦૧૯ના વર્ષનાં અંદાજપત્ર ૫૨ સેનેટની આ સભા, રજૂ કરવામાં આવે છે."

:: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ અન્વયે તૈયાર કરી રજૂ કરેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૭–૨૦૧૮નું સુધારેલ તથા સને ૨૦૧૮– ૨૦૧૯નાં અંદાજપત્ર વિસ્તૃત ચિર્ચા વિચારણાને અંતે મંજૂર કરવામાં આવ્યાં હતાં.

<u>The V.N.S.G.U. Act. 1965:</u>
<u>SECTION - 51:</u>

"The Annual Report of the University shall be prepared under the direction of the SYNDICATE and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statute and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of reasons for taking no action."

❖ **<u>The Veer Narmad South Gujarat University Act - 1965:</u>**

<u>SECTION - 50:</u> **Annual Accounts and Financial Estimates**	**(3)**	The Syndicate shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimate for the ensuing year.
	(4)	The annual accounts and the financial estimates shall be considered by the Senate at its annual meeting and the Senate may pass resolutions with reference there to and communicate the same to the Syndicate which shall take them into consideration and take such action thereon as it thinks fit and finally adopt the accounts and financial estimates. The Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or its reason for taking no action.

૫. સ્ટેટ્યુટ ૧૯૯ અન્વયે યુનિવર્સિટીના કુલપતિશ્રીએ મંજૂર કરેલ તા.૨૦–૦૨–૨૦૧૮ની નોંધ મુજબ યુનિવર્સિટીના સને ૨૦૧૬–૧૭ના નાણાંકીય વર્ષના હિસાબોની ચકાસણી અંગેની સને ૨૦૧૭–૧૮ની બોર્ડ ઓફ એકાઉન્ટ્સના અધ્યક્ષશ્રીના આવેલા અહેવાલ તથા ભલામણો અને તેના ૫૨ કાર્યાલયે તૈયા૨ કરેલ જવાબો સેનેટમાં મંજૂર ક૨વા બાબત.

<u>શ્રી ભરતભાઈ બી. ભંડારીએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયકે ટેકો આપ્યો હતો.</u>

:: **યુનિવર્સિટીના સને ૨૦૧૬–૧૭ના નાણાંકીય વર્ષના હિસાબોની ચકાસણી અંગેની સને ૨૦૧૭–૧૮ની બોર્ડ ઓફ એકાઉન્ટ્સના અધ્યક્ષશ્રીના આવેલા અહેવાલ તથા ભલામણો અને તેના ૫૨ કાર્યાલયે તૈયા૨ કરેલ જવાબો પરિશિષ્ટ : ' ૨૪ ' હેઠળ આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં.**

(પરિશિષ્ટ : ' ૨૪ ')

૬. એકેડેમિક કાઉન્સીલ તા.૨૦/૩/૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૯ અન્વયે મંજૂર ક૨વામાં આવેલ તબીબી વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ ક૨વા વિચા૨ણા ક૨વા બાબત.

<u>FACULTY OF MEDICINE</u>
M.D. (EMERGENCY MEDICINE)
<u>સિન્ડીકેટની તા.૫/૫/૨૦૧૭ની બાબત ક્રમાંક : ૪</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સીલ તા.૨૦/૩/૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૯ અન્વયે મંજૂર કરવામાં આવેલ તબીબી વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ** (Move) કરાવવી.

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.**

૭. એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૬૬ અન્વયે મંજૂર કરવામાં આવેલ મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યૂટ–૨૨૯ માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF MANAGEMENT

(1) Diploma in International Business Management (Dip. I. B. M.)

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની બાબત ક્રમાંકઃ ૯

: : આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૬૬ અન્વયે મંજૂર કરવામાં આવેલ મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યૂટ–૨૨૯ માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

૮. એકેડેમિક વિભાગનાં ૧૮–૧૧–૨૦૧૬નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યૂટ–૨૨૯ માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF SCIENCE

(1) Post Graduate Diploma in Dietetics (P. G. Dip. D.)

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની બાબત ક્રમાંકઃ ૧૦

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક વિભાગનાં તા.૧૮–૧૧–૨૦૧૬નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યૂટ – ૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

૯. એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૮–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૯ અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યૂટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF SCIENCE

(1) Post Graduate Diploma in Early Childhood Education (P. G. Dip. E. C. E.)

(2) Post Graduate Diploma in Learning Disability (P. G. Dip. L. D.)

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની બાબત ક્રમાંકઃ ૧૧

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૮–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૯ અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યૂટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

૧૦. એકેડેમિક વિભાગનાં તા. ૬–૬–૨૦૧૫ના પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિનયન વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯ માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF ARTS

Master of Performing Arts (MPA)

સિન્ડિકેટની તા. ૧૯–૧–૨૦૧૮ની બાબત ક્રમાંકઃ ૨૪

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક વિભાગના તા.૬–૬–૨૦૧૫ના પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિનયન વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯ માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા આગામી સેનેટની વાર્ષિક સભામાં વિદ્યાશાખાના ડીનશ્રી પાસે રજૂ (MOVE) કરાવવી.

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.**

૧૧. સિન્ડિકેટની તા.૫–૫–૨૦૧૭ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૧) અન્વયે, નાણા સમિતિની તા. ૨૭–૦૪–૨૦૧૭ના રોજ મળેલ સભાની ભલામણ ક્રમાંકઃ (૫)માં જણાવેલ એફીલીયેશન ફીમાં ૧૫% ના બદલે ૨૦%નો **વધારો કરવો** એમ ઠરાવેલ હોઈ, સિન્ડિકટની તા.૨–૬–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) અન્વયે, ઓર્ડિનન્સ–૬૬ નો ખરડો પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

:: **ચર્ચા વિચારણાને અંતે સિન્ડિકેટની તા.૫–૫–૨૦૧૭ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૧) અન્વયે, નાણા સમિતિની તા. ૨૭–૦૪–૨૦૧૭ના રોજ મળેલ સભાની ભલામણ ક્રમાંકઃ (૫)માં જણાવેલ એફીલીયેશન ફીમાં ૧૫% ના બદલે ૨૦%નો વધારો કરવો એમ ઠરાવેલ હોઈ, સિન્ડિકટની તા.૨–૬–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) અન્વયે, ઓર્ડિનન્સ–૬૬ નો ખરડો પરિશિષ્ટઃ' ૨૫ 'માં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવો.**

(પરિશિષ્ટ : ' ૨૫ ')

૧૨. યુ.જી.સી.ના તા.૦૬/૧૨/૨૦૧૬ના રોજના પરિપત્ર ક્રમાંકઃ D.O.No.1-3/2007(CPP-II)થી વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ રદ કરાવ્યેથી ફી રીફંડ કરવાની ગાઈડલાઈનને સિન્ડિકેટની તા.૨૩–૦૧–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૧૬)થી નિયુક્ત સમિતિની તા.૨૮/૦૨/૨૦૧૭ના રોજની સભાની ભલામણને સિન્ડિકેટની તા.૦૧–૦૪–૨૦૧૭ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૨૦)થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી અનુસ્નાતક પ્રવેશની કાર્યવાહીના હેતુસર મંજૂર કરેલ PROPOSED નિયમો ઓર્ડિનન્સ–૧૨૯માં એમેન્ડમેન્ટ કરી સેનેટની મંજૂરી માટે ભલામણ કરેલ હોય જે ભલામણ ઓર્ડિનન્સ–૧૨૯ની હાલની જોગવાઈ અને સિન્ડિકેટની તા.૨૮/૪/૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૧૭૭) અન્વયે મંજૂર કરેલ જોગવાઈના સ્થાને નીચે મુજબ ઓર્ડિનન્સ–૧૨૯ મંજૂર કરી ઓર્ડિનન્સમાં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

Ordinance: 129 (Existing)

When on leaving a Department / Centre, a student claims refund of his tuition fees from the Department/ Centre, he shall apply in writing to the Head of Professor-in-charge of the University Department / Centre concerned. On receipt of such an application refund may be given in the following circumstances at the rate indicate:

(1) Tuition fees after deducting Rs.15/- in the case of a student leaving the Department / Centre within a fortnight from the date of his admission.

(2) Half of the tuition fees in case of a student leaving the Department/Centre after 15 days but within 30 days of the date of his admission.

(3) Full tuition fees in case of a student admitted provisionally pending the issue of a certificate of eligibility is later reported to be ineligible for admission to the University.

(4) No amount if a student who after being admitted provisionally fails to produce a provisional or final eligibility certificate before the end of the term or a student whose term is not granted by the Department/Centre shall not be elibible for any refund.

(5) No other fees.

સિન્ડિકેટની તા.૨૮/૪/૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૭૭) અન્વયે મંજૂર કરેલ ફી રીફંડના નિયમોની જોગવાઈ

(૧)અનુસ્નાતક અભ્યાસની પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થાય તે પહેલા પ્રવેશાર્થી પ્રવેશ રદ કરાવે,

(અ) ગ્રાન્ટ ઈન એઈડ અનુસ્નાતક અભ્યાસક્રમમાં જમા કરાવેલ કુલ લવાજમમાંથી રૂા. ૫૦૦/– કપાત કરી બાકીની ફી પરત કરવી.

(બ) સ્વનિર્ભર અભ્યાસક્રમ/હાયર પેમેન્ટ બેઠકમાં યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ/યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજમાં જમા કરાવેલ ફી માંથી પ્રોસેસિંગ ચાર્જ તરીકે રૂા.૧,૫૦૦/– ફી કપાત કરી બાકીની ફી પરત કરવી.

(૨) અનુસ્નાતક અભ્યાસની પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયેથી દિન ૧૫ માં પ્રવેશાર્થી પ્રવેશ રદ કરાવે,

(અ) ગ્રાન્ટ ઈન એઈડ અનુસ્નાતક અભ્યાસક્રમમાં જમા કરાવેલ કુલ લવાજમમાંથી રૂા. ૭૫૦/– કપાત કરી બાકીની ફી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને ફી પરત કરવી.

(બ) સ્વનિર્ભર અભ્યાસક્રમ / હાયર પેમેન્ટ બેઠકમાં યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજમાં જમા કરાવેલ ફી માંથી પ્રોસેસિંગ ચાર્જ તરીકે રૂા. ૨,૦૦૦/– અથવા કુલ ફીના ૧૦ ટકા પૈકી જે ફી વધુ હોય તે ફી કપાટ કરી બાકીની ફી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને ફી પરત કરવી.

Ordinance: 129 (Proposed)

If a student chooses to withdraw from the program of study in which he/she is enrolled, the institution concerned shall follow the following four-tier system for the refund of fees remitted by the student.

Sr. No.	Percentage of Refund of Aggregate fees	Point of time when notice of withdrawal of admission is served by the student
1	90%	Before the formally-notified last date of admission to the respective student
2	80%	Not more than 15 days after the formally-notified last date of admission to the respective student
3	50%	More than 15 days but less than 30 days after formally-notified last date of admission to the respective student
4	00%	More than 30 days after formally-notified last date of admission to the respective student

(1) Refund of aggregate fees is inclusive of course fees and non-tution fees but exclusive of caution money and security deposit.

(2) Fees shall be refunded to an eligible student within fifteen days from the date of receiving a written application from him/her in this regard.

.

(૩)	અનુસ્નાતક અભ્યાસની પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયેથી દિન ૧૬ થી દિન ૩૦ માં પ્રવેશાર્થી પ્રવેશ રદ કરાવે, (અ) ગ્રાન્ટ ઈન એઈડ અનુસ્નાતક અભ્યાસક્રમમાં જમા કરાવેલ કુલ લવાજમમાંથી રૂા.૧૦૦૦/– કપાત કરી બાકીની ફી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને ફી પરત કરવી. (બ) સ્વનિર્ભર અભ્યાસક્રમ / હાયર પેમેન્ટ બેઠકમાં યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજમાં જમા કરાવેલ ફી માંથી પ્રોસેસિંગ ચાર્જ તરીકે રૂા.૩,૦૦૦/– અથવા કુલ ફીના ૨૦ ટકા પૈકી જે ફી વધુ હોય તે ફી કપાત કરી બાકીની ફી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને ફી પરત કરવી.
(૪)	અનુસ્નાતક અભ્યાસની પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયેથી દિન ૩૦ બાદ પ્રવેશાર્થી પ્રવેશ રદ કરાવે, (અ) ગ્રાન્ટ ઈન એઈડ અનુસ્નાતક અભ્યાસક્રમમાં જમા કરાવેલ ફી પૈકી કોઈ પણ ફી પરત કરવી નહી. (બ) સ્વનિર્ભર અભ્યાસક્રમ/ હાયર પેમેન્ટ બેઠકમાં યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજમાં જમા કરાવેલ ફી માંથી પ્રોસેસિંગ ચાર્જ તરીકે ૫૦ ટકા ફી કપાત કરી બાકીની ફી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને ફી પરત કરવી.

<u>સિન્ડિકેટ તા.૦૧/૦૪/૨૦૧૭ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૨૦)</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા અનુસ્નાતક અભ્યાસમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ રદ કરાવ્યેથી ફી રીફંડ કરવાની ગાઈડલાઈનનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી અનુસ્નાતક પ્રવેશની કાર્યવાહીના હેતુસર કરવા સિન્ડિકેટની તા.૨૩–૦૧–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) થી ઓર્ડિનન્સ–૧૨૮ તથા અન્ય ઓર્ડિનન્સમાં જરૂરી સુધારા કરવા અંગે ગઠિત કરેલ સમિતિ દ્વારા ઓર્ડિનન્સ–૧૨૮ના સ્થાને યુ.જી.સી.ની ગાઈડલાઈન મુજબ પ્રવેશ ફી રીફંડ માટેના ઓર્ડિનન્સ–૧૨૯ ઉપર મુજબ એમેન્ડમેન્ટ કરવો તથા આગામી સેનેટમાં બાબત ડો. રાકેશ એન. દેસાઈ પાસે રજૂ (Move) કરાવવી. : :

<u>ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી ડૉ.રાકેશ એન. દેસાઈએ રજૂ (Move) કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.</u>

:: ચર્ચા વિચારણાને અંતે યુ.જી.સી.ના તા.૦૬/૧૨/૨૦૧૬ના રોજના પરિપત્ર ક્રમાંકઃ D.O.No.1-3/2007(CPP-II)થી વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ રદ કરાવ્યેથી ફી રીફંડ કરવાની ગાઈડલાઈનને સિન્ડિકેટની તા.૨૩–૦૧–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૧૬)થી નિયુકત સમિતિની તા.૨૮/૦૨/૨૦૧૭ના રોજની સભાની ભલામણને સિન્ડિકેટની તા.૦૧–૦૪–૨૦૧૭ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૨૦)થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી અનુસ્નાતક પ્રવેશની કાર્યવાહીના હેતુસર મંજૂર કરેલ PROPOSED નિયમો ઓર્ડિનન્સ–૧૨૯માં એમેન્ડમેન્ટ કરી સેનેટની મંજૂરી માટે ભલામણ કરેલ હોય જે ભલામણ ઓર્ડિનન્સ–૧૨૯ની હાલની જોગવાઈ અને સિન્ડિકેટની તા.૨૮/૪/૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૧૭૭) અન્વયે મંજૂર કરેલ જોગવાઈના સ્થાને ઉપરોકત મુજબ ઓર્ડિનન્સ–૧૨૯ મંજૂર કરી ઓર્ડિનન્સમાં આમેજ કરવો.

૧૩. યુ.જી.સી. ગાઈડલાઈન ક્રમાંકઃ 8 (a) (ii) મુજબ પ્રવેશ સમિતિ પર <u>એસસી./એસ.ટી. જાતિના પ્રતિનિધિની નિયુક્તિ કરવા</u> જણાવાયું હોય, અનુસ્નાતક પ્રવેશના નિયમની જોગવાઈ 6(1) (iii) (I)માં (f) તરીકે તેમજ Ph.D. ઓર્ડિ. 2 (I) d માં <u>One member appointed by the Vice-Chancellor shall belong to the SC/ST category</u> નિયુકત કરવાની જોગવાઈ આમેજ કરવા સંદર્ભે અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૭/૧૦/૨૦૧૫ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ૩ અન્વયે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૧૪/૧૦/૨૦૧૫ના રોજની સભાના ઠરાવ ક્રમાંકઃ(૪૧) અન્વયે નિયુકત સમિતિની ભલામણ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય માન.કુલપતિશ્રીએ સદરહૂ સમિતિની નીચે મુજબની ભલામણો એકેડેમિક કાઉન્સિલ વતી સ્વીકારી સિન્ડિકેટને કરેલ ભલામણ, સિન્ડિકેટની તા.૨૯/૦૨/૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૪૩)થી અનુસ્નાતક શિક્ષણ મંડળને રીફર કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની ભલામણ B.U.T.ની તા.૦૬–૫–૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૯) થી મંજૂર કરી સિન્ડિકેટને મંજૂર કરવા કરેલ ભલામણ સિન્ડિકેટની તા.૧૩/૦૫/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૭૧)થી સેનેટની મંજૂરી અર્થે ભલામણ કરેલ હોય જે ભલામણ મુજબ સેનેટની તા.૨૯/૦૩/૨૦૧૭ની બાબત ક્રમાંકઃ(૧૦) થી રજૂ કરતા સેનેટની સભાએ પ્રસ્તુત બાબત Withdraw કરેલ હોય જે બાબતે ૨૦૧૭–૧૮ પહેલા અમલી નિયમોમાં ૨૦૧૭–૧૮થી કરેલ સુધારા સાથે સિન્ડિકેટ દ્વારા મંજૂર કરેલ Proposed નિયમો **<u>PG Rule No. 6(1)(iii)(I)</u>** અને **<u>Ordinance Ph.D. 2</u>** સિન્ડિકેટની તા.૧૩/૦૫/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૭૧)થી મંજૂર કરેલ હોય જે મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

PG Rule No. 6(1)(iii)(I) (EXISTING)	**<u>PG Rule No. 6(1)(iii)(I) (PROPOSED)</u>**
The recommendations for admission shall be made by a Committee consisting of : (a) The Dean of the respective Faculty **<u>(as Chairman)</u>** (b) The Head of the University Department **(as Co –Chairman)** (c) Three Professor(s) In Charge of the P.G. Centre(s) to be nominated by the Vice Chancellor; (d) At least one teacher representing each of the branches of specialization/optional paper offered in the subject and not represented in (b) and (c) above to be appointed by the Vice-Chancellor (e) Nominee/s of the Vice Chancellor	The recommendations for admission shall be made by a Committee consisting of : (a) The Dean of the respective Faculty **<u>(as Chairman)</u>** (b) The Head of the University Department **(as Co –Chairman)** (c) Three Professor(s) In Charge of the P.G. Centre(s) to be nominated by the Vice Chancellor; (d) At least one teacher representing each of the branches of specialization/optional paper offered in the subject and not represented in (b) and (c) above to be appointed by the Vice-Chancellor **(e) <u>One nominee of Vice-Chancellor who shall belong to SC/ST category.</u>** (f) Nominee/s of the Vice Chancellor
O.Ph.D. 2 (EXISTING)	**<u>O.Ph.D. 2 (PROPOSED)</u>**
(I) The Ph.D. Programme shall be administered by the Research Studies Committee (RSC). The Research Studies Committee for each Subject shall consist of :	**(I)** The Ph.D. Programme shall be administered by the Research Studies Committee (RSC). The Research Studies Committee for each Subject shall consist of :

